

# સનાતન સારથિ ગુજરાતી

જુલાઈ-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦

**Bhagavan Sri Sathya Sai Baba**
PRASANTHI NILAYAM P.O.
ANANTPUR DT. (A.P.)
PHONE NO : 30.

30- 8- 75

After long searches here and there, in temples and in churches, in earth and in heavens, at last you come back, completing the circle from where you started, to your own soul and find that He, for whom you have been seeking all over the world, for whom you have been weeping and praying in churches and temples, on whom you were looking as the mystery of all mysteries shrouded in the clouds is nearest of the near, is your own self. The reality of your life, body and soul. That is your own nature. Assert it, manifest it. It is Truth and Truth alone, that is one's real friend. relative. Abide by Truth, tread the path of righteousness and not an hair of your body will ever be injured.
Meditation is nothing else but rising above desires. Renunciation is the power of batting against evil forces and holding the mind in check.

With Love and Blessings
Sri Sathya Sai Baba

**ભગવાન શ્રી સત્ય સાઈબાબા**
પ્રશાંતિ નિલયમ પો. ઓ. અનંતપૂર જિલ્લો (આંધ્રપ્રદેશ) ફોન નં.- ૩૦

૩૦/૦૮/૧૯૭૫

મંદિરોમાં અને ચર્ચોમાં, આ ધરતી અને સ્વર્ગમાં, અહીં-તહીં બધે લાંબી-લાંબી શોધખોળો કર્યા પછી તમે છેવટે પાછા ફર્યા છો તમે તમારા પોતાના તરફ જ; તમારો પોતાનો આત્મા કે જ્યાંથી તમે શરૂ કર્યુ હતું, તે પુરૂ ચક્ર ફરીને પાછા ત્યાં જ આવ્યા છો અને તમને એ બાબત જડી છે કે જેને મેળવવા માટે તમે દુનિયાભરમાં ફરતા હતા, જેને મેળવવા તમે રડતાં હતા અને ચર્ચો- મંદિરોમાં પ્રાર્થના કરતા હતા, જેને તમે બધી ગુઢ બાબતોનું રહસ્ય જાણે કે એક ઠેકાણે વિંટળાઇને પડ્યું હોય તેવું માનતા હતા, તે જ તો તમારી સૌથી નજીકમાં જ નિકળ્યું અને તે તમે પોતે જ, તમારૂ જીવન, શરીર અને આત્માની વાસ્તવિકતા. તે જ તમારો પોતાનો સ્વ-ભાવ. બસ એને પામો અને એને જ વ્યક્ત કરો. આ જ એક સત્ય ને માત્ર સત્ય છે જે તમારો મિત્ર છે-સગો છે. સત્ય ને વળગી રહો અને સદાચારના માર્ગે પદક્રમણ કરતાં રહો અને જુઓ, કે તમારા શરીરનો વાળ પણ વાંકો નહી થાય.

ધ્યાન એ બીજું કાંઈ નથી પણ ઇચ્છાઓથી ઉપર ઉઠવું તે જ છે. દુષ્ટ પરિબળો સામે ઝઝુમવાની તાકાત કેળવવા અને મનને અંકુશમાં રાખવા માટે પરિત્યાગ કરવો એ જ એક ઉપાય છે.

- પ્રેમ અને આશિર્વાદ સાથે
શ્રી સત્ય સાઈબાબા

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટિબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧ ■ અંક ૩૩૯/૦૭**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટિબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગતઃ
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટિબલ ટ્રસ્ટ વડોદરા**
HDFC Bank
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0004819
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમર્શિયલ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com



**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**



**સનાતન સારથિ દરમાસની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**




હું તમારા હૃદયમાં પ્રેમનો પ્રદીપ પ્રગટાવવા આવ્યો છું, જેની તેજસ્વિતા દિવસે 'ને દિવસે વધતી જાય. હું કોઈ ચોક્કસ ધર્મ જેમ કે હિંદુ ધર્મ તરફથી બોલવા નથી આવ્યો, કોઈ પણ પંથ, જાતિ કે નિમિત્ત અર્થે હું કોઇ પ્રચાર અભિયાન લઈને નથી આવ્યો કે નથી હું કોઈ સંપ્રદાય વતી પુષ્પો ભેગા કરવા આવ્યો. મારા પંથ તરફ કે અન્ય કોઈ સંપ્રદાય તરફ શિષ્યોને આકર્ષવા કે ભક્તોને વાળવાનો મારો કોઈ પ્લાન (યોજના) નથી.

હું તો આવ્યો છું-વૈશ્વિક એકલક્ષ્યી શ્રદ્ધા, આત્મિક સિદ્ધાંત, પ્રેમનો માર્ગ, પ્રેમનો ધર્મ, પ્રેમ અદા કરવાની ફરજ અને પ્રેમનું કર્તવ્યભાન વિશે તમને કહેવા માટે.

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા

**પા.નં.** **અનુક્રમણિકા...**


| પા.નં. | વિષય |
|---|---|
| ૫ | **દિવ્ય સાનિધ્ય સાચા સુખનું મૂળસ્ત્રોત છે**<br>અવતાર વાણી |
| ૭ | **ખોજ ગુરૂને તું ભીતર માંહી**<br>ભગવાનનો ગુરૂપૂર્ણિમા સંદેશ |
| ૧૦ | **ધ્યાનની સૌથી અસરકારક પદ્ધતિ**<br>ભગવાન શ્રી સત્ય સાઇબાબા |
| ૧૨ | **ડિવાઈન માસ્ટર સાથેની સંમોહિત કરનારી ક્ષણો**<br>રાની સુબ્રમણિયન |
| ૧૯ | **ભગવાનના સથવારે મુસાફરીનો આનંદ**<br>બ્રહ્માનંદ પાંડા |
| ૨૨ | **વિદુરનો સંન્યાસ અને વિવેકપૂર્ણ ઉપદેશ**<br>ભાગવત વાહિની પ્રકરણ-૬ અને ૭ |
| ૨૯ | **શ્રી સત્ય સાઈ હિલ વ્યુ સ્ટેડિયમની વાર્તા**<br>બિસુ પુસ્ટી |



Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.ssssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.sssbalvikas.in

## તંત્રી સ્થાનેથી

સનાતન સારથિ પરિવારના સૌ વાચકગણ – સૌને જય સાઈરામ.

સનાતન સારથિનું લવાજમ જેઓ ડાયરેક્ટ/ઓનલાઈન ભરે છે તેમને ખાસ વિનંતી કે લવાજમ ભર્યા બાદ તેની વિગત અમોને જણાવે; અને નામ/સરનામું પણ લખી જણાવે. કારણ પૈસા તો ખાતામાં જમાં થાય છે પણ નામ-સરનામું/વિગત ન મળે તો તેમનો અંક કોને મોકલવો તે નક્કી કરી શકાતું નથી.

**સનાતન સારથિ કેમ નિયમિત વાંચવું** (વાંચનનું મહત્વ)-ગતાંકની અધુરી વાત........

૧) **દિવ્યવાણી:** સનાતન સારથિ એ તો ભગવાનની વાણી છે-ભગવાનનું લખાણ છે. ભગવાનનું સાહિત્ય વિશાળ છે. અનેક ભાષાઓમાં અનેક પુસ્તકો છે. તે ઉપરાંત 'તેમના' વિશે લખનારા અનેક ભક્તો છે જેઓએ એમના 'બાબા' વિશેના અનુભવો શબ્દદેહે કંડાર્યા હોય છે. આ બધા તો આપણે ન વાંચી શકીએ પરંતુ દર મહિને એ વિશાળ ભંડારમાંથી જે કાંઈ થોડુ થોડુ પિરસાય છે તે તો ગ્રહણ કરીએ.

૨) **વળતર:** આપણે ગમે ત્યાં ઈન્વેસ્ટમેન્ટ કરીએ તો તેમાંથી રીટર્ન શું મળે છે તેનું ખૂબ ધ્યાન રાખીએ છીએ. આપણે આધ્યાત્મિક ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે તેનું શું રીટર્ન? પૈસા ભર્યા છે ને અંક આવે છે એ જ રીટર્ન માનવાનું?

૩) **જ્ઞાન ઉપાસના:** સનાતન સારથિનું વાંચન કે અન્ય કોઈ પણ આધ્યાત્મિક સાહિત્યનું વાંચન એ જ્ઞાન ઉપાસના છે. ફક્ત સેવા કાર્યો કરીએ (કર્મ માર્ગ), ભજન-જપ-કરીએ (ભક્તિ માર્ગ) એટલું જ પુરતું નથી. જ્ઞાન માર્ગ પણ એટલો જ જરૂરી છે.

૪) **વાંચનથી વિચારોમાં સ્પષ્ટતા અને દ્રઢતા :** સાઈ અવતાર વિશે કોઈ અજાણી વ્યક્તિ આપણને પૂછે ત્યારે આપણી કસોટી થાય છે. કારણ, મોટે ભાગે આપણે તો બાબાએ બંધાવેલ કૉલેજ, હોસ્પિટલ્સ, વોટર પ્રોજેક્ટ કે જે બધુ મફતમાં ભગવાને આપ્યું તે જ વાતોનું વર્ણન કરીને સંતોષ માનીએ છીએ. (ઘણી વખત-આપણે પણ બાબાની પ્રવૃત્તિમાં શું કર્યું કેટલું કર્યું એવી સ્વપ્રશંસિત વાતો કરવામાં પાછા નથી પડતા) પરંતુ વાસ્તવમાં બાબા શું કહે છે? તેમના અવતારનો હેતુ શો છે? તેમના ઉપદેશનો સાર શું છે તે અંગે સચોટપણ-વિસ્તૃત રીતે સમજાવી નથી શક્તા. ત્યાં આપણે પાછા પડીએ છીએ. વિશાળ અને સઘન વાંચન હોય તો આવા સમયે તે આપણને કામ આવે છે.

૫) **સ્વામી-વિશ્વભરમાં શી રીતે ફેલાયા?**

સ્વામી (૧૯૬૫ ની ઈસ્ટ આફ્રિકાની મુલાકાતનો અપવાદ છોડતા) ક્યારેય કોઈ વિદેશોમાં ગયા નથી. તેમ છતાં વિશ્વના સેંકડો દેશોના ભક્તો બાબામાં શ્રદ્ધા ધરાવે છે. પુટ્ટપર્તિ આવે છે અને સંગઠનમાં સક્રિય બનીને કાર્ય કરે છે. આ કઈ રીતે શક્ય બને? જવાબ છે-પુસ્તકોનું વાંચન. હા ! વિદેશીઓ બાબાના પુસ્તકો વાંચીને જ બાબા સુધી ખેંચાઈ આવ્યા છે. અને આમ સ્વામી વિશ્વભરમાં ફેલાયા છે.

**વાંચન પ્રવૃત્તિ પ્રત્યે જોવા મળતી ઉદાસીનતા એકંદરે સારી બાબત નથી. માત્ર સનાતન સારથિજ નહીં પરંતુ વિશાળ સાઇ સાહિત્ય ઉપરાંત આપણી સંસ્કૃતિના વેદ - પુરાણો - શાસ્ત્રો - મહાકાવ્યો - ઉપનિષદો વિગેરે ઘણું ઘણું છે. જીવનમાં આપણે અનેક ટેક - વ્રતો - નિયમો લઈએ છીએ, વાંચનની ટેક લેવાય કે નહીં ?**

એક અગત્યની વસ્તુ જે બાબા (સ્વામી) અપેક્ષા રાખે છેઃ- વાંચનથી આપણી અંદર પરિવર્તન આવવું જ જોઈએ, આપણા વિચારો, આપણી દૃષ્ટિ, આપણું માનસિક-વલણ, આપણી ભાષા અને વર્તનમાં ફેરફાર આવવો જ જોઈએ.

પ્રયત્ન આપણો-કૃપા તો "એની જ".

અત્રેથી, સૌને અપીલ છે-સનાતન સારથિ (ગુજરાતી)નો ગ્રાહકવર્ગ ભલે નાનો હોય પરંતુ વાંચક વર્ગ શત-પ્રતિશત હોવો જોઈએ.

બસ એજ, શુભેચ્છા સહ સાઈરામ

તંત્રી - સતીશ માધવ બોકીલ

**સનાતન સારથિ (ગુજરાતી)**

અવતાર વાણી

# દિવ્ય સાનિધ્ય સાચા સુખનું મૂળસ્ત્રોત છે

## માનવ હૃદયમાં ભલાઈ ખીલવી જોઈએ

દુન્યવી સુખને સંતોષ કહેવાય છે જે હંગામી સુખ છે. દાખલા તરીકે, જ્યારે તમને ભૂખ લાગે ત્યારે તમે બે રોટલી ખાઈને તમારી ભૂખને સંતોષો છો, પરંતુ બે કલાક પછી ફરી ભૂખ્યા થઈ જાવ છો એટલે ખાવામાં પ્રાપ્ત કરેલો આનંદ-સુખ-માત્ર ક્ષણિક હતું. આ કંઈ કાયમી સુખ હતું નહીં.

### જીવનમાં કસોટીઓને પરિવર્તન માટેની તકો ગણો.

કાયમી સુખ મસ્તકમાંથી નહીં, હૃદયમાંથી આવે છે. જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય હૃદયમાંથી સુખ મેળવવામાં રહેલું છે. હૃદય શબ્દમાં 'હૃ' અને 'દય' બે અક્ષરોનો સમાવેશ છે( દયા કે કરુણા). જે કરુણા અને દયાથી ભરપૂર છે તે હૃદય (અધ્યાત્મિક હૃદય) છે. ભલાઈ માનવ-હૃદયમાં ઉત્પન્ન થઈને વિકસવી જોઈએ. તેથી જ કહેવાયું છે કે "માનવજાતનો ઉચિત અભ્યાસ માનવી છે."

વિશુદ્ધ અને ભલાઈથી ભરપૂર હૃદય એ ભગવાનની યજ્ઞવેદી છે. વિશુદ્ધ-નિર્મલ-હૃદયને આકર્ષનાર દિવ્ય લોહચુંબક-ભગવાન છે. જેમ લોહચુંબકમાં લોખંડને આકર્ષવાની શક્તિ છે તેમ ભગવાન વિશુદ્ધ હૃદય ધરાવનારાઓને આકર્ષતું એક બળવાન લોહચુંબક છે. જોકે, લોહચુંબક ધૂળ અને કાટ ચઢેલા લોખંડના ટુકડાઓને આકર્ષતુ નથી. તે જ પ્રમાણે, ખરાબ સોબત, ખરાબ વાતચીત, ખરાબ કૃત્યો, ભગવદ્ કૃપાને, નહીં આકર્ષી શકતાં હૃદય ઉપર ચઢેલી ધૂળ અને કાટ જેવા છે.

માનવીની કસોટી કરે છે ભગવાન તેની નવરચના અને ઉન્નતિ કરવા. તેથી, આપણે કસોટીઓને આવકારવી જોઈએ કેમ કે તે આપણી ઉન્નતિના સાધનો છે. ઉપલા વર્ગમાં જવા માટે વિદ્યાર્થીએ પરીક્ષામાં ઉત્તીર્ણ થવું પડે છે. કોઈ વ્યક્તિ કારકુનની નોકરી માટે અરજી કરે તો તેણે પણ કસોટીમાંથી પસાર થવું પડે છે. માટે, જીવનમાં કસોટીઓ આપણાં પરિવર્તન અને પ્રગતિ માટેની તકો છે. તેથી, મનુષ્યે સર્વે કસોટીઓ અને પડકારોનો માનસિક સ્વસ્થતા-ધૈર્ય-થી સામનો કરવો જોઈએ.

**જીવન એક પડકાર છે, ઝીલી લો;**
**જીવન એક રમત છે, રમી લો;**
**જીવન એક સ્વપ્ન છે, માણી લો;**
**જીવન એક આનંદ છે,**
**બધાને તેમાં સહભાગી બનાવો.**

મનુષ્ય તરીકેનો જન્મ જવલ્લેજ મળતી તક છે. એક માનવી તરીકેનો જન્મ મેળવવા બદલ આપણે નસીબદાર છીએ. માટે, આપણે આપણાં હૃદયને વિશુદ્ધ-પવિત્ર-બનાવીને અને ક્રોધને નાબૂદ કરીને આપણે આપણાં જીવનનો પાવન રીતે ઉપયોગ કરવો અતિ આવશ્યક છે. ક્રોધ ઉપર નિયંત્રણ ન હોવાને કારણે મનુષ્ય ઘણું ખોટું કરી બેસે છે. ક્રોધ એ માનવીય નહીં, બલકે, પશુનો ગુણ છે. જ્યારે તમારી ઉપર ક્રોધ હામી થઈ જાય છે ત્યારે એકાંતમાં જઈને દસ વખત ""હું શ્વાન નથી, હું માનવી છું"નું ઉચ્ચારણ કરો. જ્યારે ગૂંચવાડો-દ્વિધા ઊભા થાય ત્યારે "હું માનવી છું, વાંદરો નથી"નું ઉચ્ચારણ કરો. જ્યારે દગો થાય ત્યારે "હું માનવી છું, શિયાળ નથી"નું ઉચ્ચારણ કરો. અત્રે આવેલા પરદેશીઓ સારા ભક્તો છે, પરંતુ તેમનામાં કેટલીક નબળાઈઓ છે. તેઓ બિનજરૂરી વસ્તુઓ પાછળ તેમના પૈસાનો ખર્ચો કરે છે. તેમને અનેક સોબતો હોય છે અને એકથી બીજે ઘેર જતાં રહે છે.

## ભગવાનને અનુસરો અને દિવ્યગુણોનો સંચય કરો.

માનવશરીર એક ઘર છે જેમાં ઈંદ્રિયો બારીઓ છે અને મોઢું મુખ્ય દ્વાર છે. આ ઘરને ચોખ્ખું રાખો. આ ઘરમાં બારીઓ અને મુખ્ય દરવાજામાંથી પાશવી ગુણોને પ્રવેશ કરવા દેશો નહીં. એવાઓને અનુસરશો નહીં જેઓ ઐંદ્રિયાનંદમાં રાચે છે અને અનિષ્ટ ગુણોને આશ્રય આપે છે. ભગવાનને અનુસરો અને દિવ્ય ગુણોનો સંગ્રહ કરો, પરંતુ આજે કમનસીબી છે કે મનુષ્ય ખરાબ ગુણો ગ્રહણ કરે છે અને ભગવદાદેશને ગણકારતો નથી. પાવનકારી રામનામનું સ્મરણ કરો. જ્યારે તમે "રામ" નો ઉચ્ચાર કરો છો ત્યારે "રા" બોલતી વખતે તમારું મોઢું ખુલી જાય છે અને તે સમયે તમામ ખરાબ ગુણો બહાર નીકળી જવા જોઈએ. જ્યારે તમે "મ" બોલો છો ત્યારે મોઢું બંધ થાય છે ત્યારે તે સમયે મોઢામાં અંદર ભગવાનનો પ્રવેશ થઈ જવો જોઈએ અને તમારાં હૃદયમાં હંમેશને માટે સ્થિત થઈ જવા જોઈએ. તમારી હૃદયવેદી ઉપર ભગવાનની સ્થાપના કરો અને ભગવાન પ્રત્યેનો પ્રેમ વિકસાવો. દુન્યવી પ્રેમ સાચો પ્રેમ નથી; તે સ્નેહબંધન-આસક્તિ-છે. દાખલા તરીકે, પતિ પત્ની વચ્ચેનો પ્રેમ સ્નેહબંધન-આસક્તિ-છે. દુન્યવી પ્રેમ આવે અને ચાલ્યો જાય છે, પણ આધ્યાત્મિક પ્રેમ આવે છે અને વૃદ્ધિ પામે છે. તમારા અંતિમ પ્રાણ સુધી ભગવદાદેશને અનુસરો.

## સાચી ભક્તિ ભગવદ્ કૃપા પ્રાપ્ત કરે છે.

મધુકર નામનો એક ગોવાળિયો હતો. એક દિવસ તે નદી પાસે તે તેની ગાયોને ચરાવવા ગયો'તો ત્યારે તેણે એક બ્રાહ્મણને 'ઓમ્ નમો નારાયણ' મંત્રનો જપ કરતા જોયો. બ્રાહ્મણને જોયો ખરો પણ તે શું કરતો હતો તેની કશી ગતાગમ પડી નહીં. થોડો સમય વીતી ગયો એટલે તેણે બ્રાહ્મણની નજીક જઈને તેઓ શું કરે છે એવી પૃચ્છા કરી. બ્રાહ્મણે ઉત્તરમાં કહ્યું કે નારાયણ ભગવાનની સ્તુતિ કરે છે કારણ કે નારાયણને પ્રસન્ન કરીને તેમનાં દર્શન કરવા ઈચ્છે છે. ગોવાળિયો નવાઈ પામીને વિચારવા લાગ્યો, "ભગવાન કેવા દેખાતા હશે? ચિત્રોમાં તો મેં ભગવાન શિવજીને નંદી ઉપર જોયા છે અને ભગવાન વિષ્ણુને ગરુડ ઉપર જોયા છે."

ભોળા ગોવાળિયાએ બ્રાહ્મણના શબ્દો સાચા માન્યા અને ભગવાનને જોવા તલપાપડ થયો. તેથી, ભગવાનનાં દર્શન કરવા પૂર્ણ શ્રદ્ધા-આસ્થા-થી તે મંત્રોચ્ચાર કરવા લાગ્યો. જ્યાં અચલ-અતૂટ-અટલ-શ્રદ્ધા-છે ત્યાં સફળતા છે. આવા નિર્દોષ છોકરાની મક્કમ શ્રદ્ધા નિહાળીને ભગવાન નારાયણ તેની સન્મુખ પ્રગટ થયા. ગોવાળિયાએ પૂછ્યું, " આપ કોણ છો ?" "હું નારાયણ છું", ભગવાને ઉત્તર આપ્યો. છોકરાએ પ્રશ્ન કર્યો, "મેં તમને કદી જોયા નથી એટલે ચોક્કસ માની શકુ તેમ નથી. તમને ઓળખી કાઢવા માટે હું બ્રાહ્મણને બોલાવું છું." એટલે ભગવાન નારાયણ ભાગી નહીં જાય તેથી તેમને એક વૃક્ષ સાથે બાંધી દીધા અને બ્રાહ્મણને બોલાવવા ગયો. ભગવાન, છોકરાની ભક્તિ અને નિર્દોષ ભાવથી અત્યંત પ્રસન્ન હતા. જ્યારે છોકરાએ બ્રાહ્મણને સઘળી વાત કહી તો તે છોકરાની વાતને માનવા તૈયાર નહોતો. બ્રાહ્મણની શ્રદ્ધા અનુદભવિત-કૃત્રિમ-દાંભિક-હતી જ્યારે ગોવાળિયાની શ્રદ્ધા હાર્દિક હતી. છોકરાએ આગ્રહ ચાલુ જ રાખ્યો એટલે બ્રાહ્મણ ગોવાળિયાએ જ્યાં ભગવાનને બાંધી રાખ્યા હતા ત્યાં તેની સાથે આવી પહોંચ્યો. "જુઓ, અહીંયાં ભગવાન છે", છોકરાએ કહ્યું. પરંતુ, બ્રાહ્મણને ભગવાન ત્યાં દેખાયા નહીં. જ્યારે બ્રાહ્મણે છોકરાની વાત માની નહીં એટલે તેણે ભગવાન નારાયણને પૂછ્યું, " બ્રાહ્મણ કેમ તમને જોઈ શકતો નથી?" ભગવાને જવાબમાં કહ્યું કે બ્રાહ્મણની શ્રદ્ધા મક્કમ નથી. તો છોકરાએ ભગવાનને વિનંતી કરી, "કંઈ નહીં તો, મારે ખાતર

પણ બ્રાહ્મણ સમક્ષ પ્રગટ થાવ". ભગવાન નારાયણ છોકરાની ભક્તિથી અતિ પ્રસન્ન થયા હતા એટલે તેઓ બ્રાહ્મણ સન્મુખ પણ પ્રગટ થયા. આ વાર્તા દર્શાવે છે કે ભગવાન, ભક્તિની પવિત્રતા અને શ્રદ્ધાની મક્કમતાથી પ્રસન્ન થાય છે.

**અંતરમાં પ્રેમ અને કરુણા વિકસાવો.**

ભગવાન માટે તમામ કાર્યો કરીને તેમને પ્રસન્ન કરો. તમારાં મન, બુદ્ધિ, ઇંદ્રિયો અને શરીર ભગવાનને સમર્પણ કરી દો. જો તમારી શ્રદ્ધા સાચી હશે તો ભગવાન તમારી સમક્ષ ખચીત પ્રગટ થશે. તમે જ્યાં પણ હોવ, તેમના નામસ્મરણથી પ્રાર્થના કરતાં રહો. ભગવાન સર્વે જીવોમાં સત્, ચિત્ આનંદ તરીકે વિદ્યમાન છે. એકલા બેસો અને સાઈરામ, સાઈરામ બોલતા રહો. પરંતુ, તમારું મન ધોબીમાં ચાલ્યું જાય છે કે આજે ધોબી કપડાં લાવશે કે નહીં ! અનિયંત્રિત-બેલગામ-મનથી કરવામાં આવેલા જપ અને ધ્યાન કેવળ સમયનો બગાડ છે. 'સત્યમ્, શિવમ્ અને સુંદરમ્' એ ભગવાનના ત્રણ ગુણો છે જે તમારા હૃદયમાં વિદ્યમાન છે. છેક અંતરના ઊંડાણમાંથી ખરા દિલથી ભગવાનની પ્રાર્થના કરો. અંતરમાં પ્રેમ અને કરુણા વિકસાવો. જો તમે પ્રેમથી પ્રાર્થના કરશો પણ તેમાં કરુણા-દયા-નહીં હશે તો તે નિરર્થક છે. તમારાં હૃદયમાં બંને-પ્રેમ અને કરુણા હોવી જોઈએ. નિરંતર ભગવાનના વિચારો કરો, નરમાશથી બોલો, ખરાબ સોબતથી દૂર રહો અને અન્ય ખલેલથી અલિપ્ત રહો.

("હરિ ભજન બિના સુખ શાંતિ નહીં" નામના ભજનથી સ્વામીએ તેમનાં પ્રવચનનું સમાપન કર્યું)
(તા. ૫મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈ કેનાલ ખાતેનાં ભગવાનનાં દિવ્ય પ્રવચનમાંથી.)

## ભગવાનનો ગુરૂપૂર્ણિમા સંદેશ

# ખોજ ગુરૂને તું ભીતર માંહી

નભના તારા બ્રહ્મ છે, રવિ બ્રહ્મ છે,
શશી બ્રહ્મ છે, નીર બ્રહ્મ છે,
સ્વર્ગ બ્રહ્મ છે, વૈકુંઠ બ્રહ્મ છે,
માતા બ્રહ્મરૂપ-પિતા બ્રહ્મરૂપ છે,
સર્વ સંપત્તિ બ્રહ્મ અને પ્રેમ પણ બ્રહ્મરૂપ છે.
સર્વ જીવ બ્રહ્મરૂપ, પ્રત્યેક જીવાત્મા બ્રહ્મ છે.
બ્રહ્મ હિ સર્જક, બ્રહ્મ હિ રક્ષક
બ્રહ્મ હિ તો સંહારક હૈ. પત્નિ બ્રહ્મરૂપ છે,
કર્મ બ્રહ્મ, દેહ બ્રહ્મ,
પ્રકૃતિ બ્રહ્મ, પ્રાણ બ્રહ્મ છે
હે સારા જગ બ્રહ્મ સ્વરૂપ............
બ્રહ્મ છે આ સંમેલન,
સત્ય ઉદઘોષક આ સાઈ છે બ્રહ્મરૂપ.
(તેલગુ કાવ્ય)

**અધ્યાત્મ એકાત્મતાનો આ ભાવ કેળવો.**

સર્વ બ્રહ્મસ્વરૂપો, ધરતીમાં જ્યારે બીજનું રોપાણ થાય ત્યારે પ્રથમ તે કૂંપળરૂપ ધારણ કરે અને પછી તે વિશાળ વૃક્ષનું રૂપ ધારણ કરે છે. વૃક્ષના સર્વ અંગો, શાખાઓ, પર્ણો, પુષ્પો અને ફળો દેખાવમાં એકબીજાથી તદ્દન જ ભિન્ન હોય છે. આ ઉપરાંત દરેકનો અલગ અલગ ઉપયોગ થાય છે. પરંતુ આટલી વિવિધતા છતાં તેઓ એક જ માટીમાંથી ઉદભવ્યા છે.

દૂરના અંતરે પડેલી દોરડીને સાપ ધારીને માણસના મનમાં ભય જાગે છે. અને તુર્ત જ એક બીજી વ્યક્તિનું આગમન થાય છે અને તે ખાત્રી આપે છે કે તે સાપ નથી પણ દોરડી છે. અને જે ઘડીએ તેને જ્ઞાન થાય છે કે જેને તે સાપ ધારતો

હતો તે તો સાપ નહતો પરંતુ દોરડું હતું, તે ભયમુક્ત બને છે. આ આખીયે ક્રિયા દરમ્યાન દોરડું તો દોરડું જ રહે છે.

તે પ્રમાણે એક અજ્ઞાનીને જ્યાં સુધી કોઈ જ્ઞાની ભાન ન કરાવે ત્યાં સુધી જે શાશ્વત છે તેને અજ્ઞાની માત્ર પ્રકૃતિ જ સમજે છે. જેને સમસ્ત સૃષ્ટિમાં જે કાંઈ દેખાય છે તે તો બ્રહ્મનું પ્રગટ રૂપ જ છે. કેટલાક લોકો સંશય કરે છે, "બ્રહ્મ ક્યાં છે ? કોણ છે ? અને આપણે મનુષ્ય જીવો કોણ છીએ ? સર્વત્ર વ્યાપક એવા બ્રહ્મ સાથે આપણી તુલના જ શી રીતે થાય?" આ સાચું નથી. તમે પોતે તો સર્વશક્તિમાન, સર્વ વ્યાપક બ્રહ્મ જ છો. પરંતુ તમારા ભૌતિક દ્રષ્ટિકોણના કારણે જ તમને સત્યત્વનું ભાન થતું નથી. તમે પોતે જ તો દિવ્યત્વથી તમારી જાતને અલગ પાડો છો. પરમાત્માથી તમે અલગ છો એમ માનીને પરમાત્માની ખોજ કરવી એ માત્ર પાગલપન-ભ્રમ છે.પરંતુ આ સત્ય મનુષ્યને સહેલાઈથી સમજાતું નથી.

જ્યારે સમુદ્રની સપાટી પર નજર કરીએ છીએ ત્યારે અનંત મોજાંઓ અને તેમાંથી ઉદભવતા ફીણના લોચા સર્વ એકબીજાથી ભિન્ન ભિન્ન દીસે છે. પરંતુ તરંગો અને ફીણમાં રહેલું પાણી તો એક જ સમુદ્રનો ભાગ છે અને સર્વના ગુણો પણ એકસરખા જ છે. તે પ્રમાણે સત્-ચિત્-આનંદ ના વિરાટ-અનંત-અમાપ સાગરમાં જન્મતા અગણિત જીવો પણ સાગરના મોજાંની માફક જ ઉદભવે છે. જ્યારે, એ દિવ્ય પરમ તત્વ, સત્યમ્-જ્ઞાનમ્-અનંતમ્ સ્વરૂપ છે ત્યારે એ પરમ તત્વનું સર્જન મનુષ્ય પણ, સત્-ચિત્-આનંદનું જ સ્વરૂપ છે.

## તમારી દ્રષ્ટિ પ્રેમભીની બનાવો.

દિવ્ય આત્મસ્વરૂપો, જ્યારે તમારી દ્રષ્ટિ પ્રેમસભર હશે, તો સમગ્ર સૃષ્ટિ તમને દિવ્ય જ લાગશે. આખું વિશ્વ તમને વિવિધતાભર્યું ભાસે છે, પરંતુ વાસ્તવમાં ક્યાંય પણ ભિન્નતા નથી. વિવિધતામાં સમાવિષ્ટ એકાત્મને શોધવાનો પ્રયત્ન કોઈ જ કરતું નથી. પ્રત્યેક વ્યક્તિમાં દિવ્યતા અને માયા આ બંને રહેલાં જ છે. તેને સમજવા શી રીતે ? સત્-ચિત્-આનંદ માનવીમાં રહેલ દિવ્યત્વ પ્રગટ કરે છે. પરંતુ નામ-રૂપ-આકાર જે કોઈ મનુષ્ય જુએ છે તે સર્વે માયાવી ભ્રમણા છે.

સાગરની સપાટી પરના મોજાંનું કારણ તો પવન છે; સત્-ચિત્-આનંદના મહાસાગરની સપાટી પર માયારૂપી પવનો અણગણિત માનવજીવોમાં આવા જ તરંગો જન્માવે છે. અને માટે જ જે જીવો સત્-ચિત્-આનંદના મહાસાગરમાંથી જન્મ્યા છે તે સર્વ દિવ્યતાના સ્વરૂપો છે. દિવ્યત્વ તો સર્વ વ્યાપક છે. પરંતુ માણસની અજ્ઞાનતાના કારણે તે ક્ષુલ્લક મુશ્કેલીઓનો ભોગ બને છે. આ છે તેનું ઉદાહરણ:

આજનો પવિત્ર દિવસ ગુરુપૂર્ણિમા દિન છે પરંતુ આ પણ સત્ય નથી. આ દિવસને આ નામ એટલા માટે આપવામાં આવ્યું કે કેટલાક નામધારી ગુરુઓ આ નિમિત્તે પોતાના અનુયાયીઓ પાસેથી નાની-મોટી ભેટ સ્વીકારી શકે. આ દિવસનું ખરું નામ તો 'વ્યાસ પુર્ણિમા' છે. વ્યાસમુનિનો જન્મ આ પૂર્ણિમાના દિવસે થયો હતો. અને આ જ દિવસે તેમણે અઢાર પુરાણોનું સંહિતાકરણ કર્યું હતું. સમયના જવા સાથે વ્યાસ પુર્ણિમા ગુરુ પૂર્ણિમા તરીકે ઓળખાવા લાગી.

## ત્રણ ગુણોનો સમન્વય (ત્રિગુણરૂપ).

ગુરુ નો સાચો અર્થ એક એ, જે અજ્ઞાનના અંધકારને વિખેરે, બીજો અર્થ છે, જે ગુણ અને આકારથી પર છે-સર્વોચ્ચ(પરમ) બ્રહ્મ. જો આ પરમ બ્રહ્મત્વ તમારી ભીતર જ રહ્યું હોય તો તમને ઉપદેશવા અન્ય કોઈની ખોજ કરવાની

આવશ્યકતા જ ક્યાં છે? જે ચિંતક બીજાને ઉપદેશે તે સ્વયં પોતાનો જ ગુરુ હોવો જોઈએ. જેને પોતાની ઉપર કોઈ ગુરુ ન હોય તે સાચો ગુરૂ. એક સંસ્કૃત શ્લોક જે ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર તરીકે ઓળખાવે છે તે તેનું ખોટું અર્થઘટન છે. જેનો સાચો અર્થ તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને જ ગુરુ ગણવા તે છે. આ ત્રણેય તો ત્રણ ગુણોના પ્રતીકો છે. બ્રહ્મા-રાજસ્, વિષ્ણુ-સત્વ અને મહેશ(શિવ)-તમસ્. સમગ્ર સૃષ્ટિ-વિશ્વનું સર્જન આ ત્રણ ગુણોના સંયોજન વડે થયું છે. આ ત્રણેય ગુણો માણસમાં રહેલા જ છે. પ્રત્યેક માનવ હૃદયમાં આ ત્રિગુણ સ્વરૂપો, ત્રણ ગુણો રૂપે રહેલા જ છે.

જો તમે જ તમારા પોતાના ગુરુ હો તો બીજે ક્યાંય ગુરુની ખોજ કરવાની જરૂર જ નથી. આજે તો કેટલાક કહેવાતા ઢોંગી ગુરુઓ કોઈક મંત્ર આપે અને ગુરુપૂર્ણિમાના દિવસે ગુરૂદક્ષિણાના રૂપે નાણાં પડાવી લે છે. કાનમાં મંત્ર મૂકવામાં આવે અને હાથ ધરીને ભેટ માંગવામાં આવે. આજે આવું જ કંઇક થઈ રહ્યું છે. ગુરુનું આ સારું ચિન્હ નથી. તમે ખુદ જ તમારા ગુરુ છો, તમારામાં જ સારી એવી શક્તિ પડેલી છે. ગાયત્રી મંત્રમાં આ વાત પ્રતિપાદિત થયેલ છે.

તમને તો તમારામાં રહેલ પ્રકૃતિત્વ-જન્મજાત દિવ્યતાની અનુભૂતિ સદાય-સતત્ થવી જ જોઈએ. જે દિવ્યતા અન્ય દરેકના અંતરમાં રહેલી જ છે. તમે જ્યારે કોઈકને મદદ કરો અથવા તો ભોજન કરાવો ત્યારે એવો જ અનુભવ થવો જોઈએ કે એક દિવ્ય તત્વ એ બીજા દિવ્ય તત્વને ભોજન કરાવે છે.

**ભગવાનમાં જ ગુરુના દર્શન કરો.**

દિવ્ય આત્મસ્વરૂપો, જુદાઈ-અલગપણાનો ભાવ અનુભવવાથી તમે ખોટા માર્ગે જઈ રહ્યા છો. સત્ય તો એ છે કે તમે પોતે પણ એ સમષ્ટિના જ એક અંશ છો-તમે જુદા નથી. અને એ સમષ્ટિ સમાજ, સમગ્ર સૃષ્ટિ (સર્જન)નો જ એક અંશ છે. તેનાથી શ્રેષ્ઠ જે છે તે પરમેષ્ઠી (સર્જક). તમે સર્વ પણ એ દિવ્યત્વના જ સ્વરૂપો છો. તમારે તો તમારા હું પણા-વ્યક્તિપણાથી આગળ પ્રયાણ કરી એ દિવ્યતાની અનુભૂતિ સુધી પહોંચવાનું છે.

આ સર્વ દિવ્યત્વના જ લક્ષણો છે. તમને કદાચ એવો પ્રશ્ન થાય કે જે શક્તિ સ્વામી ધરાવે છે તે તમે પ્રાપ્ત કરી શકો કે નહીં. મને અનુસરો. તમને શક્તિની પ્રાપ્તિ થયા વગર રહેશે જ નહીં. તે શક્તિ તો તમારામાં પણ સંચિત જ છે. પરંતુ તમે તેનાથી જ્ઞાત નથી. તમારે પરમાનંદ માણવો છે. જો તમે નિષ્ઠાપૂર્વક સ્વામીને અનુસરો તો તમારી ભીતર રહેલા પરમાનંદને તમે પામી જ શકશો. આટલું જ બસ નથી. આ પરમાનંદની અનુભૂતિ તમારી ચારેકોર તમે જ્યાં પણ હશો ત્યાં અનુભવશો. આ પરમાનંદ તમને ભૌતિક જગતમાંથી પ્રાપ્ત થશે જ નહીં. તે તો પૂર્ણતઃ તમારી અંદર જ રહેલ છે. સદાકાળ, સર્વ પરિસ્થિતિમાં તમે પોતે જ બ્રહ્મ છો એમ જ માનો, અને તો તમે અવશ્ય જ દિવ્ય તત્વ સાથે એકરૂપ થશો.

તમારા મનને ઈશ્વર તરફ વાળો અને તમને દિવ્ય આનંદની અનુભૂતિ થશે જ. અને તેટલા માટે તો સ્વામી તમને વખતો વખત સલાહ આપતા રહે છે કે તમારે શું કરવું જોઈએ અને શું ટાળવું જોઈએ. આ બધું મારા માટે નથી જ, તમારા ભલા માટે છે, તમે ઈશ્વર દર્શનના માર્ગે જઈ શકો તે માટે છે, તમે બ્રહ્મ વિશેનું સર્વોચ્ચ સત્ય-દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરો એ માટે છે અને તમારું જીવન પવિત્ર અને આદર્શ બની રહે એ માટે છે.

દરેક માણસે એક આદર્શ માનવ બનવા માટે ઝઝુમવું જોઈએ. આનો અર્થ એ કે દરેકે પોતાની દિવ્યત્વની ખાત્રી કરવી જોઈએ. સહજ કલ્પના તો કરો કે સમગ્ર જગતમાં શુદ્ધ, ઉદાત્ત અને પવિત્ર

એકત્વ ભાવ વ્યાપ્યો હોય, તો પ્રત્યેક માનવી કેટલો સુખી હોય.

એમ જ માનો કે પરમાત્માં જ તમારા ગુરુ (નિર્દેશક) છે. તેઓ તો ગુરુઓના પણ ગુરુ છે. જો તમને આવા સર્વોચ્ચ ગુરુવર્યનું શરણ હોય તો પછી ભિન્ન કક્ષાના-નિમ્ન કુળના કહેવાતા ગુરુ પાછળ શા માટે આંધળી દોટ મૂકો છો ?

વિદ્યાર્થીઓએ વીણા જેવા સંગીત વાદ્યમાંથી બોધ લેવો જોઈએ. વીણાના જુદા જુદા તાર જુદા જુદા સ્પંદનો ઉત્પન્ન કરે છે. જો આ આંદોલનો કે સ્પંદનો વિસંવાદી હોય તો એ સંગીત કાનને કર્કશ લાગશે. જે પ્રમાણે વીણાના તારોમાં સંવાદિતા હોય તે પ્રમાણે દેશના જુદા-જુદા ધર્મો અને સંપ્રદાયોના ઉપદેશકોમાં પણ સંવાદિતા-એકસુરીલાપણું હોવું જરૂરી છે.

**શ્રદ્ધા અને ભક્તિ.**

શિરડી બાબા જે ભક્તો તેમની પાસે આવતા તેમની પાસે બે રૂપિયા માંગતા હતા. આ બે રૂપિયા પ્રતિકાત્મક શ્રદ્ધા અને ભક્તિ. પોતાના ભક્તો પાસે આ બે ગુણોની અપેક્ષા બાબા રાખતા હતા. આ બે ગુણોનું સંયોજન અધ્યાત્મ માર્ગમાં પ્રગતિ માટે અતિ આવશ્યક છે. અને તો જ બીજમાંથી છોડ પ્રગટે તેમ તમારા હૃદયમાં પરમાનંદનો ઉદય થાય.

આજના દિવસથી જ બધા ભેદભાવો મિટાવી દો અને બ્રહ્મની અનુભૂતિ-બ્રહ્મના સાક્ષાત્કાર માટે જ તમારું ધ્યાન કેન્દ્રિત કરો. થોડાક જ સમયમાં સાંકડી મનોવૃત્તિના ભેદભાવો ભૂલવાથી આ સત્ય સૌને સમજાશે. સતત પ્રયોગો આદરીને સર્વ વચ્ચે અધ્યાત્મ એકત્વ કેળવવાનો પ્રયત્ન કરો. સ્વામીના બોધવચનો રૂપી ઈંજેક્શનની અસર રૂપે આ ભાવ અવશ્ય જન્મશે. પ્રાથમિક જરૂરિયાત તો પ્રભુ પ્રત્યેના પ્રેમની જ છે.

(તા. 30મી જુલાઈ ૧૯૯૬ના દિને સાઈ કુલવંત હોલમાં ભગવાનના દિવ્ય પ્રવચનમાંથી)

# ધ્યાનની સૌથી અસરકારક પદ્ધતિ

**ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

માનવી એ દિવ્ય છે. સદગુણી વ્યક્તિઓ, જ્યારે આતુરતાપૂર્ણ થઈ-શ્રદ્ધાયુક્ત થઈ, ધ્યાનની પદ્ધતિ અપનાવે છે ત્યારે તે પૂર્ણદિવ્યતા પ્રાપ્ત કરી પવિત્ર બની જાય છે.

આ (ધ્યાન)ને માટે રોજ, થોડો સમય ફાળવો. જ્યારે તમે આનંદથી રોમાંચિત થવાનો અનુભવ કરશો, પછી તમે ચોક્કસપણે સમય વધારશોજ. આ માટે સૂર્યોદય પહેલાનો સમય પસંદ કરો. તમારી સામે, નાની પણ તેજસ્વી જ્યોતવાળો દીવો અથવા મીણબત્તી લો. દીવાની જ્યોત સીધી અને સ્થિર રહેવી જોઈએ. તેમાંથી ગમે તેટલા દીવડા પ્રગટાવાય તો પણ તે દીવાની જ્યોતિની તેજસ્વિતા ઘટવી ન જોઈએ. આથી જ જ્યોતિ એ અનંત શાશ્વતતાનું એકદમ યોગ્ય પ્રતીક છે.

પદ્માસન અથવા અન્ય કોઈ પણ અનુકૂળ આસનમાં દીવાની જ્યોતિ સામે બેસો. જ્યોતિ તરફ એકાગ્રતાથી જુઓ અને (ધીમે ધીમે) આંખો બંધ કરી, તમારી અંદર નેણ (ભવા)ની વચ્ચે જ્યોતિ આવી છે તેમ મનમાં અનુભવ કરો. ત્યાંથી, તેને હૃદયકમળ તરફ આવવા દો. ધીમે ધીમે પ્રકાશ પાથરતા પાથરતા જ્યારે તે હૃદયમાં ઉતરે ત્યારે છાતીની મધ્યમાં, કમળની પંખુડીઓ ખુલી રહી છે તેવી કલ્પના કરો, અને તેના પ્રકાશમાં દરેક વિચાર, લાગણી, ભાવના અને વૃત્તિઓ સ્નાન કરી રહી છે અને સાથે સાથે અંધકાર દૂર થયો છે એવું વિચારો.

અંધકાર માટે આશરો લેવાની હવે જગ્યા નથી; જ્યોતિ આગળ અંધકાર અદૃશ્ય થતો જાય છે. કલ્પના કરો કે પ્રકાશ વધુ અને વધુ વિસ્તરતો અને વધુ પ્રજ્વલિત થતો જાય છે. શરીરના પ્રત્યેક અંગોને અંશને પ્રકાશિત કરતો જાય છે. હવે તમો દુષ્ટ, શંકાપ્રેરિત અંધકારમાં થતી પ્રવૃત્તિઓથી મુક્ત થતા જાવ છો. તમો હવે પ્રકાશનું સાધન બનતા જાવ છો. જેનાથી તમે સભાન છો. માત્ર દિવ્ય પ્રેમ પ્રદર્શિત થાય છે. પ્રકાશ જીહ્વા (જીભ) સુધી પહોંચે છે. જીભ પરથી અસત્ય-જુઠા વિધાનો, વ્યક્તિગત મહત્વને લગતી વાતો વગેરે અદૃશ્ય થઇ જાય છે. આ પ્રકાશ આંખો અને કાન (કર્ણ) સુધી પહોંચે છે. બધી મલિન ઈચ્છાઓ જેનો ચેપ લાગતો હતો અને જે ખૂબ વિશાળ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવતી હતી, તેને શાણપણ અને સદગુણોની ચળકાટ મારતી પ્રકાશજ્યોતમાં નષ્ટ કરી દેવાઇ રહી છે. હવે કોઈ બાલિશતા નથી કે ન તો દૂષિત તત્વોથી કાન ભંભેરણી. તમારૂ મસ્તિષ્ક પ્રકાશથી ચાર્જ થવા દો. અંધકારવાળી જગ્યામાં કાયમ રહેનારા દુષ્ટ અને ઝેરીલા વિચારોને અદૃશ્ય થવા દો. કલ્પના કરો કે પ્રકાશ, તમારામાં વધુ ને વધુ પ્રમાણમાં ફેલાઈ રહ્યો છે,-અને એવું જ થશે. તેને તમારી આજુ-બાજુ પ્રકાશવા દો અને તમને, પ્રેમની તેજસ્વિતાના આવરણમાં લપેટવા દો. હવે એ પ્રકાશના તેજસ્વી વર્તુળના ચકાકાર ઘેરાવાને બધે ફેલાવા દો અને એમાં તમારા સગાઓ, વ્હાલાઓ, મિત્રો, સાથીદારોને સમાવી લો-માત્ર એમને જ નહીં પરંતુ અજાણ્યા સૌ કોઈ, શત્રુઓ, વિરોધીઓ, વેરીઓ તો શું, વિશ્વના દરેક વ્યક્તિ-દરેક જીવન-સમગ્ર સર્જનને સમાવી લો.

**પ્રકાશ-પ્રકાશમાં મળે છે, ત્યારે બધે જ પ્રકાશ પ્રકાશ થાય છે.**

આ પ્રક્રિયા, ખંડ પાડ્યા વગર રોજ કરો; તમને જ્યાં સુધી આનંદ મળે છે ત્યાં સુધી કરો; અને સઘનતાથી તેમજ પદ્ધત્તિસર કરતા રહો. એક સમય ચોક્કસપણે એવો આવશે કે તમને મલિન અને દુષ્ટ વિચારોમાં કોઈ રૂચિ નહી રહે, ખરાબ અને ભયાવહ પુસ્તકો વાંચવાની કોઈ ઉત્કંઠા નહી રહે; તમોગુણી (ટોકસીક) અન્ન અને પીણાઓ લેવાની કોઈ ઝંખના જ નહી રહે, ખરાબ અને અનુચિત બાબતોને તમે અડકશો પણ નહીં, ન તો તમારી ક્યારે બદનામી થશે કે ન તો કોઈ ઈજાઓ થશે, કોઈ ગંદા/ષડયંત્રનો ભોગ પણ નહી બનો. પછી તો તમે દિવ્યતાના રાજ્યમાં વિહરશો અને અનિર્વચનીય એવી શાંતિ અનુભવશો.

બસ, એ જ રોમાંચમાં બની રહો, પ્રકાશની અનુભૂતિ કરતા કરતા પ્રકાશ જ થાઓ. સર્વત્ર, પ્રકાશને મળતા બધું જ પ્રકાશમય થાય છે. તમારા પ્રકાશ અને ઈશ્વરના પ્રકાશ વચ્ચે કોઈ (રેખા) ભેદ નહી રહે. બન્ને પ્રકાશ એક-મેકમાં ભળીને પરિપૂર્ણ બનશે.

વિશ્વને વ્યગ્ર કરનાર અને ગુંચવી નાંખનાર અશાંતિમાં, તમારે પ્રશાંતિ (ઉચ્ચત્તમ આત્મિક શાંતિ) મેળવવી જોઈએ કે જે પ્રશાંતિમાં, તમે પ્રકાંતિ (ઝળહળતું તેજસ્વીપણું) જોઈ શકો અને એ પ્રકાંતિમાં સર્વને સમાવિષ્ટ કરતી પરમજ્યોતિ (જે સર્વ વ્યાપક, સર્વોત્કૃષ્ટ તેજસ્વિતા ધરાવતી, અમર્યાદિતરીતે પ્રસરેલી અને શુભ)ને અનુભવી શકો. એ પરમજ્યોતિમાં અનંત-શાશ્વત-વૈશ્વિક પરમાત્માની અનુભૂતિ થાય છે. જ્યારે વ્યક્તિ, વ્યાપકતાને મળે છે, ત્યારે તે પણ વ્યાપક બની જાય છે. હું+હું=અમે થાય. "અમે" અને "તે" ભેગા થતાં "આપણે" થઈ જાય છે. ધ્યાનનો અભ્યાસ, દરરોજ નિયમિતપણે કરો. અન્ય સમયે, ઈશ્વરનું નામ (જે નામ, તમારામાં પ્રેમ અને ભક્તિ જન્માવે) રટતારહો, તેની શક્તિ, તેની કૃપા અને તેની વિપૂલતા વિશે સતત અને સઘનરીતે જાગૃતિ કેળવતા રહો.

- તાઃ ૮ જુલાઈ ૧૯૬૮ ના રોજ ભગવાને કંપાલા, યુગાંડા (ઈસ્ટ આફ્રિકા)ખાતે આપેલ પ્રવચનમાંથી લીધેલ અંશ.

# ડિવાઈન માસ્ટર સાથેની સંમોહિત કરનારી ક્ષણો

રાની સુબ્રમણિયન

ઘણાં વર્ષો વીતી ગયા પછી સ્વામીએ મારી બહેન અને મને ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા. તેમણે કહ્યું, "જુઓ, તમે લોકોએ ઘણી સાધના કરી છે. (આધ્યાત્મિક અભ્યાસ) અને તમે કરેલી બધી જ સાધના વડે તમે ખૂબ જ ઉંચાઈ ઉપર પહોંચ્યા જ હશો. તમારા દિવસો આધ્યાત્મિક પ્રવૃત્તિઓ જેવી કે જપ, ભજન અને વાંચનથી ભરેલા હતાં. પરંતુ આ બધું હોવા છતાં તમારે જે તબક્કે પહોંચવું જોઈએ ત્યાં પહોંચી શક્યા નથી. શા માટે? તમે જાણો છો?" અમે કહ્યું, "ના, સ્વામી. અમને હતું કે સાધના અમને ત્યાં સુધી લઈ જશે".

## સાધનાને આત્મવિશ્લેષણ સાથે જોડો.

તેમણે કહ્યું ! "સાધના જાતે જ તમને ત્યાં લઈ જઇ શકતી નથી. તે આત્મ વિશ્લેષણ અને સાધનાનું સંયોજન હોવું જોઈએ - આધ્યાત્મિક પદ્ધત્તિઓને સ્વ-વિશ્લેષણ સાથે જોડવી આવશ્યક છે; કારણ કે ફક્ત આત્મ-વિશ્લેષણ જ તમને કહેશે કે એક માનવ તરીકે તમે શું ખોટું કરી રહ્યા છો. તમે આત્મિકસ્તરે (ભાવનાના સ્તરે) અભિનય કરી રહ્યાં નથી; તમે દુન્યવી કક્ષાએ અભિનય કરી રહ્યા છો. જેમ કે હું કોઈની માતા છું, કોઈની પત્ની છે, કોઈની બહેન છું, વગેરે."

તેમણે કહ્યું, "આત્મવિશ્લેષણ તમને તમારી ભૂલો બતાવવામાં મદદ કરશે અને તમને કહેશે કે તમે ક્યાં આધ્યાત્મિક રીતે નિષ્ફળ ગયા છો. જ્યાં સુધી તમે સ્વ-વિશ્લેષણ નહીં કરો ત્યાં સુધી તમે પ્રગતિ કરી શકશો નહિ. હવે તમારે તમારી સાધનાને ૧/૪ ભાગમાં કાપી નાંખવી જોઈએ. તમારૂ સ્વ-વિશ્લેષણ ૩/૪ ભાગનું હોવું જોઈએ. મતલબ ૭૫% સ્વ-વિશ્લેષણ કરવું જોઈએ. તો પછી તમારી પ્રગતિ ખૂબ ઝડપથી થશે. તમે કેવી રીતે વાત કરો છો, તમે શું સાંભળો છો, તમે શું કરો છો, તમે શું ખાવ છો તમારે દરેક બાબતનું વિશ્લેષણ કરવું જોઈએ. જીવનમાં દરેક પગલે તે આવશ્યક છે. શું હું યોગ્ય કાર્ય કરી રહ્યો છું? શું તે આધ્યાત્મિક રીતે ઠીક છે? શું હું બરાબર વિચારી રહ્યો છું? શું હું સાચી રીતે વાત કરી રહ્યો છું? શું હું યોગ્ય કામ કરી કરી રહ્યો છું?

સંપત્તિ વિશે પણ તેમણે મને અને મારી બહેનને કહ્યું, "આ માર્ગ માટે સરળતા ખૂબ જ જરૂરી છે. ઓછા સામાન સાથે તમારી મુસાફરીને આરામદાયક બનાવો. ઘણી બધી સંપત્તિની જરૂર નથી. તેને થોડામાં થોડી કરો. તમારા જીવનમાં તેને વધુને વધુ ઉમેરશો નહિ કારણ કે તે તમારા આધ્યાત્મિક માર્ગમાં અવરોધ છે. તેને તમે થોડી જ રાખો જેથી વિવિધ બાબતોમાં તમારૂ મન જાય નહીં." તેથી ત્યાર પછી અમે વધારે સ્વ-વિશ્લેષણ કરવાનું શરૂ કર્યું. પહેલા અમે ઘણી વાર બેસતા અને જપ, ધ્યાન, ભજન વગેરે કરતા હતાં.

## યોગ્યતાને અગ્રતા આપો:

ત્યાર બાદ જ્યારે હું પ્રશાંતિનિલયમમાં રોકાઈ હતી ત્યારે બીજી એક ઘટના બની જે ઘણી રસપ્રદ છે. મારી નાની બહેન જે બ્રહ્મચારિણી છે ત્યારે તે અહીં સેવા કરતી હતી. તેના દ્વારા એક દિવસ સવારે ૭ વાગ્યે સ્વામીએ મારા માટે સંદેશ મોકલ્યો. "જાઓ અને રાની મા ને બોલાવો". તે નીચે આવી અને મને કહ્યું, "સ્વામી તને બોલાવે છે". હું ઉપર ગઈ, સ્વામીએ મારૂ ખૂબ સરસ રીતે સ્વાગત કર્યું. તેમણે કહ્યું, "કૃપા કરીને બેસો". મને ખૂબ આશ્ચર્ય થતું હતું. કે શા માટે મને બોલાવી હશે. હું થોડી ગભરાયેલી હતી અને મેં વિચાર્યું કે કદાચ મારાથી કોઈ ભૂલ થઈ હશે અને કદાચ મને શિક્ષા કરશે અને સુધારશે.

સ્વામીએ કહ્યું, રાની મા, મારે તમને એક

સજ્જન વિશે કાંઈક કહેવું છે. જે એક ઉદ્યોગપતિ છે. "મને આશ્ચર્ય થતું હતું કે તેઓ શા માટે મને એક ઉદ્યોગપતિ વિશે જણાવે છે? પણ મેં કશું જ પૂછયું નહિ. તેમણે કહ્યું, "એક ઉદ્યોગપતિ મારી પાસે આવ્યા હતા અને મેં તેને ઈન્ટરવ્યું આપ્યો હતો. ઈન્ટરવ્યુંમાં તેમણે મને કહ્યું કે તેમને ઘણી સમસ્યાઓ છે અને તેને કારણે તે ખૂબ જ તણાવામાં રહે છે. મેં તેમને કહ્યું કે હું તમને કેટલીક આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરવા આપુ છું. અને થોડા સમય બાદ મને મળવા કહ્યું, તેઓ થોડા સમય બાદ મળ્યા, મેં ફરીથી તેમને ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા. મેં તેમને પૂછ્યું કે તેમની વ્યાવસાયિક સમસ્યાઓ હવે કેવી છે? ઓછી થઇ હશે ખરૂને? તેમણે કહ્યું, ના સ્વામી, એવીને અવી જ છે". મેં તેમને પૂછ્યું, "એવું કંઈ રીતે હોઈ શકે. મેં તમને જે કરવાનું કહ્યું હતું તે તમે કર્યું કે નહિ?" મેં તેમને કેટલુંક કરવા કહ્યું હતું... "આ સવારે, અને આ સાંજે કરજો. વિગેરે". તેમણે કહ્યું " સ્વામી, હું શું કરૂ? હું ખૂબ જ વ્યસ્ત હતો અને હું મારી સમસ્યાઓમાં ફસાઈ ગયો હતો. તમે જે સલાહ આપી હતી તે કરવા માટે મને ભાગ્યે જ સમય મળી શક્યો". પછી મેં તેમને એક સવાલ પૂછ્યો. "ઠીક છે. તમે ખૂબ વ્યસ્ત હતાં અને તમને આધ્યાત્મિક પ્રવૃત્તિ કરવાનો સમય ન મળ્યો. પરંતુ તે સમયે, જ્યારે તમે ખૂબ વ્યસ્ત હતાં, ત્યારે તમે તમારી સવારની કોફી છોડી દીધી હતી?" તેમણે કહ્યું, ના, મેં છોડી નહોતો". તમારા નાસ્તા વિશે શું કહેશો? શું તેને છોડી શક્યા? તેમણે કહ્યું, "ના" સ્વામી, હું મારો નાસ્તો લેવાનું ચૂક્યો નથી. "શું તમે તમારૂ ભોજન ચૂકી ગયા?" સ્વામીએ પૂછ્યું, તેમણે કહ્યું, "ના", "તમારી ચા?" "ના", "તમારૂં ડીનર?", તેમણે કહ્યું,"ના".

પછી મેં તેમને કહ્યું, "તમે દેહ (શરીર) માટે કેટકેટલું કર્યું? શરીર માટે આહાર, કોફી, નાસ્તો, લંચ, ચા, ડીનર, શરીર માટે તમે પાંચ બેઠકો કરી, જેને તમારે કોઈ પણ દિવસે છોડવું પડશે. પરંતુ તમારો આત્મા (ભાવના) જે તમારો સાચો સ્વભાવ છે, જે ખરેખર તમને આશીર્વાદ આપશે, જે તમને શાંતિપૂર્ણ અને પ્રસન્ન રાખે છે, આત્મિકસ્તર જ તમને તે આપી શકે છે, શારીરિકસ્તર તમને તે આપશે નહિ. પરંતુ તેના માટે તો તમે એક બેઠક પણ આપી ન હતી. અને પછી તમે મારી કૃપા માંગો છો? હું તમારા ઉપર કેવી રીતે કૃપા કરી શકું?

પછી સ્વામીએ મને કહ્યું, "જુઓ, લોકો મારી કૃપા ઈચ્છે છે; પરંતુ તેઓ મારી સૂચનાનું પાલન કરતા નથી." આત્માનો ખોરાક શરીરના ખોરાક કરતા વધુ મહત્વનો છે. મને ખબર નથી કે સ્વામીએ તેમને શું કરવા કહ્યું હશે પરંતુ જો તેમણે તેને એક કલાક માટે ગાયત્રી કરવાનું કહ્યું હોય, તો તેને પ્રાધાન્ય આપવું જોઈતુ હતું. સ્વામીએ મને એજ કહ્યું કે "તમારે લોકોએ મારી સૂચનાઓને પ્રાધાન્ય આપવું જોઈએ નહીં કે તમારે શું કરવું છે તેને.

સ્વામીએ કહ્યું, "શરીરનો ખોરાક છોડી દો પરંતુ આત્માનો નહિ. જ્યાં સુધી તમે આત્માને ખવડાવશો નહિ ત્યાં સુધી તે જાગૃત નહિ થાય. તે તમારી ભાવના છે. તે ભગવાન છે. જ્યાં સુધી તમે શરીરને જ ખોરાક આપતા રહેશો ત્યાં સુધી તે (આત્મા) જાગશે નહિ. તેમણે વેપારીને કહ્યું "સ્વામીની સૂચનાનું પાલન ન કરવાથી, તમારો આત્મા ભૂખે મરશે. તમે શરીર માટે ખોરાકને પ્રાધાન્ય આપ્યું છે અને આત્માને કોઈ જ મહત્વ આપ્યું નથી. તો હું તમને કઈ રીતે મદદ કરી શકું? જો તમને મારી મદદ જોઈએ છે તો હું જે કહું તે પ્રમાણે તમારે કરવું જોઈએ. તે જ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ.

તમે જુઓ, કે આ એક સામાન્ય બાબત જ હતી. પરંતુ સ્વામી ઈચ્છતા હતા કે મને પણ તેનો ખ્યાલ આવે. મને સીધી વાત કરવાને બદલે તેમણે તે સજ્જનનું ઉદાહરણ આપીને પરોક્ષ રીતે મને પણ

સમજાવ્યું છે. બસ, મેં મારી બહેનને કહ્યું, કે તે આપણા બધા જ માટેનું શિક્ષણ છે.

ધારો કે કોઈ ગુરુ તમને ભગવદ્ ગીતા વાંચવાનું કહે, અથવા જાપ કે ધ્યાન કરવાનું કહે તો તમે શું કરશો? મારે આજે બહુ જ કામ છે તેથી હું ભગવદ્ ગીતા વાંચીશ નહિં. જો તમારી પાસે સવારે ભગવદ્ ગીતા વાંચવાનો સમય ના હોય તો સાંજે વાંચો. ભગવાન કહેતા નથી કે આ ચોક્કસ સમયે જ કરો. જો તમને તેનાથી મદદ મળે છે તો તમે કેમ વાંચતા નથી? તે તમને સહાય કરી રહ્યું છે, શું બીજા લોકો તમને મદદ કરે છે? ખરીદી કરવા જવું, કોઈને મળવા જવું, અહીં ત્યાં ભટકવું આ બધી બાબતો તમને મદદ કરશે નહિ.

## વ્યક્તિગત દિવ્ય સંદેશ.

સ્વામીએ કહ્યું છે, "જેઓ મારી સૂચનાનું પાલન કરે છે, હું તેઓને આશીર્વાદ આપુ છું." પરંતુ આપણા દરેકને સ્વામી જુદી જુદી સૂચનાઓ આપે છે. ઉદાહરણ તરીકે, હું જપમાળા સાથે નામ સ્મરણ કરવા માંગતી હતી અને સ્વામીએ કહ્યું, "ના, તમારા માટે કોઈ જપમાળા નહિ, માત્ર શ્વાસ લો". પરંતુ જ્યારે મારી બહેને કહ્યું, "સ્વામી જપમાળા જોઈએ છે" ત્યારે તેમણે કહ્યું, "હા, તમે તે કરી શકો છો." અને પછી જ્યારે હું કોઈ પ્રકારની પ્રવૃત્તિમાં જવા માંગતી હતી ત્યારે તેમણે કહ્યું, "જરૂર નથી. તમે ધ્યાન કરો".

તે દિવસોમાં મોટાભાગના સમયે, ભક્તોએ દશેરા દરમ્યાન ઘણી રસોઈ કરવી પડતી હતી. કારણ કે ત્યાં કોઈ રસોઈયા નહોતા. તહેવાર દરમ્યાન સ્વામી સેંકડો ગરીબ લોકોને ભોજન આપતા હતાં. અને ચેન્નાઈ અને બેંગ્લુરુના ભક્તો પણ રસોઈમાં મદદ કરતા. વૃદ્ધ મહિલાઓ કે જેઓ આવી પરિસ્થિતિઓને સંભાળવામાં સારી કુશળતા ધરાવતા હતાં, આશ્રમમાં ખાડા ખોદીને લાકડા સળગાવીને રસોઈ કરતા કારણ કે તે વખતે ત્યાં યોગ્ય રસોડા નહોતા.

બેંગ્લુરુથી ભક્તો વિશાળ સાધનો લાવતા હતા કારણ કે સેંકડો લોકો માટે ભોજન તૈયાર કરવા માટે અમને મોટા વાસણોની જરૂર હતી. તેથી આ રીતે બધા ભક્તો ભાગ લેતા અને દરેકની ક્ષમતા પ્રમાણે મદદ કરતા. જ્યારે ૫૦ થી ૬૦ વર્ષની વય જૂથના ભક્તો મોટા ભાગે મુખ્ય રસોઈનો હવાલો સંભાળતા. અન્ય લોકો શાકભાજી કાપવા, મસાલા આપવા જેવી પ્રવૃત્તિઓમાં મદદ કરતા અને આ બધું છત ન હોવાથી ખુલ્લામાં સૂર્ય પ્રકાશમાં જ કરવામાં આવતું હતું.

આવા જ એક પ્રસંગે, હું હમણાં જ આશ્રમમાં આવી હતી. મારી નાની બહેન પહેલેથી જ અહીં હતી. સ્વામી તેને 'લીલી' કહેતા હતાં. સ્વામી મારી બહેન પાસે આવ્યા અને કહ્યું, "ઓ લીલી ! જા અને સાવિત્રી અમ્માને મદદ કર. તે ગરીબો માટે રસોઈ કરે છે. જા અને તેમને મદદ કર." હું પણ ત્યાં જ મારી બહેનની બાજુમાં જ ઉભી હતી. પછી મારી બહેને સ્વામી તરફ જોયું અને પૂછ્યું, "સ્વામી, આ મારી બહેન વિશે શું? શું તે પણ મારી સાથે મદદ કરવા આવી શકે છે?" તેમણે કહ્યું, "ના, રાની મા ફક્ત અહીં રહેશે". ત્યારે મારી બહેને પૂછ્યું, "સ્વામી તમે હંમેશા મને જ કામ માટે કેમ મોકલો છો? રાની મા ને કેમ મોકલતા નથી? મહેરબાની કરીને તેને આવવા દો સ્વામી".

આ માટે સ્વામીએ જવાબ આપ્યો, "ના, હું તેમને મોકલતો નથી". સ્વામીના જવાબથી ચકિત થઈને મારી બહેને પૂછ્યું, "કેમ?" ત્યારે સ્વામીએ જવાબ આપ્યો, "તમે બ્રહ્મચારિણી છો. તમારે કામ કરવાની જરૂર છે. રાની મા ગૃહસ્થી છે. તેઓ તેમના ઘરમા પહેલેથી જ ઘણું કામ કરી ચૂક્યા છે. તેઓ તેમના બાળકો અને પતિ બધાની સંભાળ રાખે છે. તેઓ અહીં સાધના કરવા માટે આવે છે. કારણ કે ત્યાં ઘરે કરી શકતા નથી. તેઓ અહીં ધ્યાન કરવા તથા આધ્યાત્મિક રીતે વિકસિત થવા માગે છે. તેઓ મારી અને પુટ્ટપર્તિ પાસેથી કાંઈક માગી રહ્યાં

છે. તેથી રાની મા ઓરડામાં રહેશે અને ધ્યાન કરશે." સ્વામીએ મારા માટે આ નિર્ણય લીધો અને કહ્યું, "હું તેને મોકલતો નથી." હું જે પણ પ્રવૃત્તિમાં ભાગ લેવા માંગતી તે આ જ હતી. જ્યારે પણ હું કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેવા વિશે વાત કરતી ત્યારે સ્વામી હંમેશા કહેતા, "ના, તમારા માટે નથી."

હવે, અહીં હું એ જણાવવા માંગું છું કે સ્વામી એક વ્યક્તિગત ગુરુ છે. તેઓ એવું કહેતા નથી કે "હંમેશા મારી પૂજા કરો." તમે ઘરમાં જે પણ કરો છો, તેને ભગવાનની સેવા કરી રહ્યા છો તે પ્રમાણે કરો. ઘરવાળા માટે તેઓ કહે છે, કે "પતિને ભગવાન તરીકે જુઓ, બાળકો પર બૂમો પાડશો નહિ, અસ્વસ્થ થશો નહિ, સારી રીતે વાતચીત કરો, તે જે પણ કહે છે તે જાગૃતિ સાથે લો કે તે ભગવાન છે." આજ સાધના તેમણે આપણાં ઉપર મૂકી છે.

**કુટુંબ વિશે બોલતા.**

પરંતુ એક વખત સ્વામીએ મને જુદી જ વાત કરી. હું મારા પતિ જે કહેતા હતાં પુટ્ટપર્તિ આવવા માટે તેનો ઉપયોગ કરતી. મારા પતિ બાબાની વિરૂદ્ધમાં નહોતા. પરંતુ મારી બાબા સાથેની અવાર-નવારની મુલાકાતને સમજી શક્તા નહિ. તેથી એક વખત જ્યારે હું પુટ્ટપર્તિ આવતી હતી ત્યારે તેઓ મને રેલ્વે સ્ટેશન મૂકવા આવ્યા હતાં. તેમણે મને પૂછ્યું, "તું પાછી ક્યારે આવવાની છે?" મેં કહ્યું, "મને ખબર નથી." તેમણે કહ્યું, "કાર્યક્રમ તો ખબર હોવો જોઈએને?" મેં કહ્યું, "મને તમને કહેતા દુઃખ થાય છે કે અમે ક્યારે પુટ્ટપર્તિ છોડીશું તેનો અમે કોઈ કાર્યક્રમ કર્યો નથી. કારણ કે તે સ્વામી નક્કી કરશે."

તે દિવસોમાં હંમેશા આવું જ બનતું અમે અગાઉથી કોઈ ટિકિટ ખરીદી શક્તા નહિ. ઉદાહરણ રૂપે, જો અમે ૨૪ તારીખની ટિકિટ ખરીદી હોય તો સ્વામી કહેતા આવતા મહિનાની ૧લી એ જજો". તો કોણ ટિકિટ દર કરાવવા જઈ શકે? તેથી મેં મારા પતિને કહ્યું, "હું કોઈ કાર્યક્રમ બનાવી શક્તી નથી કારણ કે તે સ્વામીનો વિષય છે. તેથી મારો જ્યારે જવાનો સમય આવશે, તેઓ મને કહેશે. હું નિર્ણય લઈ શકતી નથી. "

તેમણે કહ્યું, "મને સમજાતું નથી કે તું શા માટે આમ કરે છે?" મે કહ્યું, "સ્વામી આપણાં ગુરુ છે. માટે તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ". ત્યાર પછી હું પુટ્ટપર્તિ પહોંચી. સ્વામી એ મને બોલાવી. હું ઉપર ગઈ. ત્યાર બાદ સ્વામીની સર્વવ્યાપકતાનો બીજો પુરાવો મળ્યો. સ્વામીએ કહ્યું, "સુબ્રમણ્યમે કારમાં આ પ્રમાણે કહ્યું અને તમે આ પ્રમાણે જવાબ આપ્યો". અને સ્વામીએ તે સંવાદનું પુનરાવર્તન કર્યું જે અમારી બે વચ્ચે થયો હતો. તેમણે કહ્યું, "જુઓ, તમે ખૂબ શાંત રહો છો પરંતુ આજ વખતે જ્યારે તમે સુબ્રમણ્યમને આધ્યાત્મિક જીવન વિશે કેટલીક વાતો કરી શકો છો, ધર્મ શું છે? અને ધર્મ શું નથી. તમારે વાત કરવી જ જોઈએ, તમે શા માટે શાંત રહો છો?"

મેં કહ્યું, "સ્વામી, મને કોઈ વિવાદ જોઈતો નથી. મને ઝઘડો કરવાનું પસંદ નથી." સ્વામીએ કહ્યું, "ના, તમારે ધર્મયુદ્ધ કરવું પડશે. તમે કોઈ સ્વાર્થી કારણસર લડતા નથી. આ તમારા ગુરુ માટે છે. તમારા ગુરુની આજ્ઞાકારિતા માટે. તમારે તેને કહેવું જ જોઈએ અને સમજાવવા જોઈએ. કારણ કે તે કાંઈ જાણતા નથી. તેની પાસે કોઈ ગુરુ નથી. તેથી ચૂપ રહેશો નહીં. જ્યારે તેમાં ધર્મ આવે છે ત્યારે કૃપા કરીને વાત કરો. શાંત રહીને તો એક રીતે તમે સ્વાર્થી છો. કારણ કે તમે ઝઘડો શરૂ કરવા માંગતા નથી. તમે કોઈ પણ કિંમતે તમારી શાંતિ ઈચ્છો છો. તે ખોટું છે. ગીતાનો ઉપદેશ શા માટે કરાયો? ધર્મયુદ્ધ માટે. તમે તેમને ઉપદેશ આપતાં નથી પરંતુ જ્યારે તે તમારા પર આરોપ લગાવશે ત્યારે તમારે તેમને કહેવું પડશે કે ધર્મ શું છે. તમારે વ્યાખ્યાન આપવાની જરૂર નથી. પરંતુ જ્યારે તમારા પર હુમલો થાય ત્યારે તમારે તેમને સમજાવવા જ જોઈએ.

મારા જીવનમાં ઘણીવાર આવું બન્યું છે. આ પહેલા મારા સાસુ સાથે પણ. તેથી આ પછી તરત જ મેં મારા પતિને પણ સમજાવવાનું શરૂ કર્યું. તેમને ખબર નહોતી કે શા માટે સ્વામીએ પત્રો લખ્યા અને મેં તેના જવાબ આપ્યા. તે પૂછશે, "તું શું લખે છે?" તેમને કોઈ ગુરુ-શિષ્યના સંબંધનો ખ્યાલ જ નથી. તેથી સ્વામીએ કહ્યું,"તમારે તેમને સમજ આપવી પડશે તે તમારી ફરજ છે. તમે કશું ખોટું કરતાં નથી. તમે જે યોગ્ય છે તે જ કરી રહ્યા છો. જો તમે ખોટું કરો છો તો પછી તમારે ચૂપ રહેવું પડશે."

## વ્હાઈટફીલ્ડમાં નાજુક કાળજી મેળવવી.

એક વાર હું 'ધનુર વા' થી પીડિત હતી. હું સાજી થઈ પછી સ્વામીને મળવા માટે ગઈ ત્યારે સ્વામી ચેન્નાઇ ગયા હતાં. સ્વામીએ મારા પતિ સાથે મારા અન્ય જન્મ વિશે લાંબી વાત કરી. તેમણે તેમની આંધ્રપ્રદેશની યાત્રા વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે એકવાર નકસલવાદીઓ મને નુકશાન પહોંચાડવા માંગતા હતાં. સ્વામીએ કહ્યું, "હું પ્રવાસમાં હતો ત્યારે નકસલવાદીઓ રસ્તામાં ઝાડ ઉપર બેઠા હતાં. પણ કાંઈ જ થઈ શક્યું નહીં".

આ બધું કહ્યા પછી સ્વામી મારી પાસે આવ્યા અને મને કહ્યું, "રાની મા, માંદગી પછી તમે ખૂબ જ નબળાઈ અનુભવો છો. વ્હાઈટફીલ્ડ આવો અને થોડો આરામ કરો. તમારે તમને પોતાને સ્વસ્થ કરવાના છે તેથી પાછા ન જશો. વ્હાઈટફીલ્ડ આવો અને વૃંદાવનમાં રહો."

તેથી મેં વૃંદાવન આશ્રમમાં રોકાવાનું નક્કી કર્યું અને સ્વામીને મારા આવવાની કામચલાઉ તારીખ વિશે પણ માહિતગાર કર્યા. પરંતુ હું આશ્રમ પહોંચું તે પહેલા જ સ્વામીએ મહિલા સ્વયંસેવકોને સૂચના આપી હતી. "રાની મા આવશે, તે ભીડમાં બેઠા હશે, તમારે જવું પડશે. અને પૂછવું પડશે. "અહીં રાની મા કોણ છે?" સ્વામી ઈચ્છે છે કે તમે અંદર આવો".

શું તમે તેમના પર વિશ્વાસ કરી શકો છો? સ્વામીએ આવી વ્યવસ્થા કરી હતી. સ્વયંસેવકો આવ્યા અને પૂછ્યું, "રાની મા કોણ છે?" પરંતુ હું હજી ત્યાં પહોંચી નહોતી, હું થોડી વાર પછી ત્યાં પહોંચી. તે દરમ્યાન સેવાદળ સ્વામી પાસે ગયા અને સ્વામીને કહ્યું, "સ્વામી, અમે તપાસ કરી પણ કોઈ રાની મા નથી આવ્યા". સ્વામીએ જવાબ આપ્યો, "ના, તે આવી રહ્યાં છે. પાછા જાવ, તે થોડા મોડા પડ્યા છે. જાવ અને ફરી પ્રયત્ન કરો". તેમણે તેઓને પાછા મોકલ્યા અને ત્યાં સુધીમાં હું ત્યાં આવી ગઈ હતી.

જ્યારે હું આશ્રમ પહોંચી ત્યારે એક સેવાદળની મહિલા ટોળામાં પૂછતી હતી,"અહીં કોઈ રાની મા છે? કૃપા કરીને ઉભા થાઓ, સ્વામી તમને તરત જ અંદર બોલાવે છે". તેથી હું તે સેવાદળ સાથે સ્વામી પાસે ગઈ. સ્વામીએ મને રહેવા માટે એક ઓરડો આપ્યો. પણ હું મારી દીકરીને પણ સાથે લાવી હતી તેથી તેમની રજા લેવા માંગતી હતી. તેથી મેં પૂછ્યું, "સ્વામી, હું મારી દીકરીને મારી સાથે લાવી છું તો મારે તેને પાછા જવા કહેવું કે હું તેને મારી સાથે રાખી શકુ?" સ્વામીએ જવાબ આપ્યો, "હા, તમે શીલાને તમારી સાથે રાખી શકો છો. તે તમને મદદરૂપ થશે. તમે તેને તમારી સાથે લાવી શકો છો". સ્વામીની રજા મળ્યા પછી જ મેં મારી પુત્રીને અંદર લીધી. કારણ કે સ્વામીની રજા વગર તમે કોઈને અંદર લઈ શકતાં નથી.

## આદર્શ ભક્ત.

તે પછી એક સવારે ત્યાંના મારા રોકાણ દરમ્યાન સ્વામી લગભગ ૭ વાગે મારા ઓરડામાં આવ્યા અને કહ્યું, "મારી સાથે આવો". મારો ઓરડો નીચે હતો. જેમાં એક બેઠક ખંડ, સુવાનો ઓરડો, બાલ્કની અને બાથરૂમ સાથે જોડાયેલો હતો. સ્વામીનો ઓરડો ઉપર હતો તેમણે નીચે આવીને જોયું કે મારી દીકરી બીજા ઓરડામાં સુતી છે એટલે તેને ખલેલ પહોંચાડવા માંગતા ન હતાં.

તેથી સ્વામી મને બાલ્કનીમાં લઈ ગયા અને પૂછ્યું, "તમારે શું જોઈએ છે? તમે મને કહો હું તે તમને આપીશ." મે કહ્યું, "સ્વામી, હું એક આદર્શ ભક્ત બનવા માંગુ છું". તેમણે કહ્યું, "તમને ખબર છે કે તે માટે તમારે શું કરવાનું છે?" મેં કહ્યું, "ના, સ્વામી. મારે શું કરવાનું છે તે કૃપા કરીને તમે મને કહો."

પછી તેમણે કહ્યું, "આજ્ઞાપાલન. એક દિવસ જ્યારે તમે મને મળવા આવશો, હું તમને ખૂબ સરસ રીતે આવકાર આપીશ અને તમારી સાથે વાત કરીશ. બીજી વખત જ્યારે તમે આવશો ત્યારે કદાચ હું તમને પૂછીશ કે તમને કોણે અહીં આવવાનું કહ્યું છે? મહેરબાની કરીને જાવ. હું ખૂબ જ કર્કશ અને અસંસ્કારી હોઈ શકુ છું. તમારે બન્ને વખત સમાનરૂપે વર્તવું જોઈએ. કોઈ ફરક ન હોવો જોઈએ. બન્ને ઉપચાર માટે સમાનતા હોવી જોઈએ. તમારે કોઈ પ્રતિક્રિયા આપવી ન જોઈએ. જ્યારે હું દયાળું છું તો તમે ખુશ છો જ્યારે હું દયાળું નથી ત્યારે તમે નાખુશ છો આ કોઈ ભક્તનું લક્ષણ નથી.પછી તેમણે કહ્યું, "કોઈકવાર તમે અહીં વ્હાઈટફીલ્ડમાં કોઈકને ભજન શીખવાડવા આવતા હતાં ખરૂંને?" મેં કહ્યું, "હા, સ્વામી". હું બેંગ્લુરુમાં મારી બહેન સાથે રહેતી હતી અને વ્હાઈટફીલ્ડમાં આવતા વિદેશીને થોડા ભજન શીખવવા આવતી હતી. આ સ્ત્રી વ્હાઈટફીલ્ડમાં રોકાઈ હતી. પરંતુ સ્વામીના ચેન્નાઈ ગયા પછી તેમણે મને પૂછ્યું કે શું હું તેમને થોડા ભજન શીખવી શકું? હું રાજી થઈ અને દરરોજ બેંગ્લુરુથી તેમને ભજન શીખવવા આવતી હતી.

સ્વામી ચેન્નાઈથી એક દિવસ પરત ફર્યા ત્યાં સુધી થોડો સમય સુધી આ નિત્યક્રમ હતો. હંમેશની જેમ, હું તેને શીખવવા માટે વ્હાઈટફીલ્ડ ગઈ હતી. પરંતુ તેણે કહ્યું, "સ્વામી પાછા આવી ગયા છે. હું ખૂબ ભાગ્યશાળી છું કે સ્વામી આજે ચેન્નાઈથી પાછા આવી ગયા છે. આજે હું ભજન શીખી શકીશ નહિ" એનો મતલબ એ કે મારે પાછા જવું પડશે. પણ તેમણે કહ્યું, "હું કઈ રીતે તમને પાછા મોકલી શકું. હું અંદર જઈ અને સ્વામીને પૂછું કે તમે (રાની મા) અંદર આવી શકે કે નહિ". સ્વામીની રજા વગર કોઈને પણ અંદર આવવાની મંજૂરી નહોતી. તેથી તે અંદર ગઈ અને સ્વામીને પૂછ્યું, "સ્વામી, રાની મા આવ્યા છે તે મને ભજન શીખવવા નિયમિત આવે છે. પરંતુ આજે હું ભજન શીખવા માંગતી નથી. તેઓ બેંગલુરુથી આવ્યા હોવાથી, શું હું તેમને અંદર લાવી શકું?". સ્વામીએ જવાબ આપ્યો, "ના, તેમને પાછા જવાનું કહો".

સ્વામીના આવા જવાબની અપેક્ષા ન હતી. તેથી તેમણે આગળ પૂછ્યું, "કેમ સ્વામી? તે કેમ ન આવી શકે?" તેમણે સ્વામી સાથે દલીલ કરવાનો પ્રયત્ન કર્યો. બીજી અન્ય પરદેશી સ્ત્રી કે જેમને હું જાણતી હતી તે પણ અંદર હતાં. તેમણે સ્વામીને પૂછ્યું, "તેઓ પણ તમારા ભક્ત છે. સ્વામી, શા માટે તમે તેમને તમારા દર્શન આપતા નથી. કૃપા કરીને તેમને પણ આવવા દો". પરંતુ સ્વામી મક્કમ હતાં. તેમણે કહ્યું, "હું કશું કરતો નથી. હું રાની મા અંદર આવે તેવું ઈચ્છતો નથી. તેમને પાછા જવાનું કહો".

તેથી જે મહિલાને હું ભજન શીખવતી હતી તે ખૂબ ઉદાસ દેખાતી બહાર આવી. તેમણે મને કહ્યું, "રાની મા, તમારે પાછા જવું પડશે. અમે સ્વામીને કહેવાની કોશિશ કરી કે તેઓ તમને અંદર આવવાની રજા આપે પરંતુ તેમણે ના પાડી. તેથી તમારે પાછા જવું પડશે".

મેં બેંગ્લુરુ પાછા જવા માટે ટ્રેન પકડી. ત્યાંથી બીજા સાધનમાં હું ઘરે જતી હતી. તેથી જ્યારે હું પાછી જતી હતી ત્યારે મેં ટ્રેનમાં વિચાર્યું, "સ્વામીએ આવું કેમ કર્યું? શું તેમને મારા પ્રત્યે કોઈ પ્રેમ નથી? તેમને કોઈ દયા નથી? સ્વામીએ આવું ના કરવું જોઈએ. મને દર્શન આપીને તેમને શું ગુમાવવવાનું છે? હું ખૂબ ખુશ હોત, પરંતુ તેમણે મને નકારી છે. સ્વામી આવું કઈ રીતે કરી શકે?" આ

માત્ર એક વિચાર હતો અને મેં તેનો કોઈ સાથે ઉલ્લેખ કર્યો નહીં. કારણ કે હું ટ્રેનમાં એકલી જ મુસાફરી કરી રહી હતી. પરંતુ તરત જ મને બીજો વિચાર આવ્યો. "ના, હું સ્વામીને પ્રશ્ન કરી શક્તી નથી. અંતે તો તે મારા ગુરુ છે. અને સ્વામી કહે છે કે આપણે આપણાં ગુરુને પ્રશ્ન ન કરવો જોઈએ તેથી તેઓ જે કરે છે તે મારે સ્વીકારવું જ જોઈએ. આમ કહીને મેં પોતાને આશ્વાસન આપ્યું. કારણકે સ્વામીએ મને શા માટે અંદર આવવા ના દીધી તે મને ખરેખર સમજાતું નથી.

જ્યારે મેં સ્વામીને કહ્યું હતું કે હું એક આદર્શ ભક્ત બનવા માંગુ છું ત્યારે સ્વામીએ જે મને કહ્યું હતું ત્યારે હું તેમનો વિશ્વાસ કરી શકી નહીં. આવું થોડા મહિના પહેલા બન્યું હતું. સ્વામીએ કહ્યું, "તમે આવ્યા અને જ્યારે પાછા ટ્રેનમાં ગયા ત્યારે તમે વિચારતા હતાં કે "સ્વામી આવું કેમ કરી શકે? તેમનો પ્રેમ ક્યાં છે? કોઈ પ્રેમ નથી". આ રીતે તમે પ્રથમ વિચારતા હતાં. અને તમારો બીજો વિચાર હતો, ઓહ ! તે સૌથી શ્રેષ્ઠ જાણે છે. તે (સ્વામી) જાણે છે કે શું કરવું? તમે તમારી પોતાની જાતને આશ્વાસન આપ્યું પરંતુ કોઈ સમજ નહતી. સમજણ વગર પોતાને આશ્વાસન આપ્યું પરંતુ તમે ઉદાસ હતાં".

ત્યારે સ્વામીએ કહ્યું, "આજે હું તમને કહેવા આવ્યો છું. તમને પ્રથમ વિચાર જે આવ્યો તે ન આવવો જોઈએ. તમારો જે બીજો વિચાર હતો કે "સ્વામી બધું જ જાણે છે" તે પ્રથમ આવવો જોઈએ. તમારો પ્રથમ વિચાર જે મારા માટે પ્રશ્ન કરતો હતો કે 'તેઓ શા માટે આવું કરે છે?' તે ન આવવો જોઈએ. આદર્શ ભક્તને પ્રશ્ન ન થવો જોઈએ. તમારો બીજો વિચાર 'સ્વામી બધું જ જાણે છે' તે બરાબર છે. પછી તમારું કામ પૂરું થાય છે. તમે એક આદર્શ ભક્ત છો. તેથી આદર્શ ભક્ત બનવા માટે ગુરુને કોઈ પ્રશ્ન ન કરો".

આ સમજાવે છે કે ઘણાં વર્ષોથી અહીં (પુટ્ટપર્તિ) આવતા ભક્તોએ કેમ અચાનક સ્વામીને છોડી દીધા. તેઓ બધાં બહુ શિક્ષિત હતાં અને સારા હોદ્દા પર હતાં. પરંતુ તેઓ સ્વામીને સમજી શક્યા નહિ. સ્વામી આપણને સતત તેમના પ્રવચનોમાં અને તેમની મુલાકાતમાં કહેતા રહ્યાં છે કે, "મને સમજવાનો પ્રયત્ન ન કરો. તે એક નક્કામો અને નિરર્થક પ્રયાસ છે".

મને વર્ષો પહેલા સ્વામીએ આપેલું ઉદાહરણ યાદ છે કે શા માટે તેઓ આપણને સમજાવતા હતાં કે તેમને સમજવા કેમ મુશ્કેલ છે. તેમણે કહ્યું છે કે "તે એક દરિયા કિનારે રેતીના કણને ગણવા જેવું મુશ્કેલ છે." શું આપણે દરિયા કિનારે રેતીના કણને ગણી શકીએ? તે એક અશક્ય કામ છે. અને તેથી જ આપણે સ્વામીને ક્યારેય સમજી શકીશું નહિ. કારણ કે તેઓ સાક્ષાત બ્રહ્મ છે અને તે સમજણ સાથે નથી આવતું. સ્વામી કોણ છે તે આપણી બુદ્ધિ, તર્ક, સવાલ અથવા વાંચન કે સાધનાથી કદી જાણી શકાય નહિ. કોઈ વસ્તુ આપણને ત્યાં લઈ જતી નથી. જ્યારે તેઓ તમારી સાથે ખુશ અને આનંદમાં હોય છે, ત્યારે તેઓ તેમને તમારી સમક્ષ પ્રગટ કરશે.

તેથી, જો આપણે અત્યારે પ્રયત્ન કરીએ અને કહીએ કે તેઓ પરમાત્મા છે. (સર્વોચ્ચશક્તિ) આપણે પાછળથી ભૂલી જઈએ છીએ અને ઘણી એવી વસ્તુઓ કરીએ છીએ જે તેમના ઉપદેશો સાથે સુસંગત નથી. આ રીતે આપણે તેમને 'પરમાત્મા' તરીકે નિષ્ફળ કરીશું. સ્વામી અહીં આ જ ભાર મૂકે છે.

(ક્રમશઃ...)

સૌજન્યઃ- શ્રીસત્ય સાઈ મિડીયા સેન્ટર,

લેખકઃ- લગભગ ૬૦ વર્ષથી એક સમર્પિત ભક્ત. ૧૯૫૦ ની શરૂઆતમાં જ ભગવાન બાબા પાસે આવ્યાં. ભગવાન તેઓને 'રાની મા' કહીને બોલાવતા. તેમનું જીવન સ્વામીના દિવ્ય અનુભવોનો ખજાનો હતો.

## દિવ્ય ભવ્યતાની પ્રભા

# ભગવાનના સથવારે મુસાફરીનો આનંદ

બ્રહ્માનંદ પાંડા

સને ૧૯૭૬ના વર્ષમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી ૧૧મી જુલાઈએ કરવામાં આવી હતી. હું પ્રશાંતિ નિલયમ માં ૧૦મી એ બપોર પછી આવી પહોંચ્યો. સાંજે પાંચ વાગ્યે ડૉ. ભગવન્તમના પ્રમુખપણાં હેઠળ રાજ્યોનાં પ્રમુખો અને સેન્ટ્રલ ટ્રસ્ટના સભ્યો વચ્ચે મીટીંગ યોજાઈ. તેમાં સેવાકિય પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું. જ્યારે અમે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે બાબા અંદર આવ્યા અને અમને બધાને આશીર્વાદ આપ્યા. બીજા દિવસે બાબાએ ઈશ્વરમ્મા હાઈસ્કૂલ અને સાઈ નગર નું ઉદઘાટન કર્યું. સાઈનગર કે જે હરિજનો માટેની કોલોની હતી. તેનું બાંધકામ બાબાના આશીર્વાદથી સેન્ટ્રલ ટ્રસ્ટે કર્યું હતું. આ પ્રસંગે બાબાએ પોતાના હાથે દરેક કુટુંબને કપડાં અને થોડા વાસણોનું વિતરણ કર્યું હતું. ૧૨મી તારીખે બાબાએ મને પાદ નમસ્કારની મંજૂરી આપી અને ૧૩મી એ ભજન હોલના રૂમમાં મારા માટે વિભૂતિનું સર્જન કર્યું. એમણે મને થોડી મિનિટો માટે અંદર બોલાવ્યો અને પૂછ્યું, "તમે ક્યારે જનાર છો?" મેં કહ્યું, "ભગવાન તમે જ્યારે મંજૂરી આપો ત્યારે." બાબાએ કહ્યું, "ચાલો આપણે વૃંદાવન જઈએ. ત્યાંથી તમે દિલ્હી પાછા ફરજો. આવતીકાલે વહેલી સવારે હું નીકળીશ. તમે મારી પાછળ આવો." "હા, ભગવાન", મેં ધડકતા હૃદયે કહ્યું અને પાદનમસ્કાર કર્યા અને બહાર આવ્યો.

કુટુંબ રાવ રાત્રે ૯:૩૦ કલાકે મારી પાસે આવ્યા અને મને કહ્યું કે તમે પણ બાબા સાથે વૃંદાવન આવવાના છો. તમારે ત્રણ દિવસના કપડાંની તૈયારી સાથે સુપ્રભાતમ્ સમયે મંદિરની સામે ઊભા રહેવું. મારું આખું મગજ અકલ્પનીય આનંદ અને આતુરતાથી ઊભરાઈ ગયું. પહેલાંની આગલી રાત્રે ઊંચા બ્લડ પ્રેશરને કારણે મેં ઊંઘનું મટકું પણ માર્યું નહોતું. આથી આજે રાત્રે પણ જો ઊંઘ મારા ઉપર હાવી થઈ જાય અને હું મળસ્કે ૩:૦૦ વાગ્યે ન ઊઠી શકું તો હું સમયસર તૈયાર ન થઈ શકું. બાબાની કાર મારે માટે એક સેકન્ડ પણ થોભશે નહીં. હું કોના ઉપર વિશ્વાસ કરું કે જે મને વહેલી સવારે ૩:૦૦ વાગ્યે જગાડે ? અને જો હું ત્રણ વાગ્યે ભર ઊંઘમાં હોઉં તો ? તેથી મેં નિશ્ચય કર્યો, ભલે હું આગલી રાતે ઊંઘી શક્યો નથી, આજે રાત્રે પણ હું જાગતો રહીશ. જો હું પથારીમાં પડું તો મોટું જોખમ રહે છે. કોરિડોરમાં ઉપર-નીચે આંટા મારતો રહીશ. તે દરમ્યાન ભજન હોલમાં ૐ ની શરૂઆત થઈ. મેં મારી સ્નાનાદિ વિધિ પૂરી કરી અને એક નાનકડી બ્રીફકેસ લઈને મંદિરની સામે જઈને ઊભો રહી ગયો. મારું મગજ ખૂબ જ તાજગી સભર હતું. પરંતુ મારી બંને આંખો તો જાણે કે તેમાં કોઈકે મરચાંની ભૂકી નાંખી હોય તેમ બળતરા કરી રહી હતી. વહેલી સવારના ઠંડા પવનોને કારણે, મને એવું લાગતું હતું કે હું ક્યાંક સૂઈ જાઉં, હું તરત જ " ભરનિંદ્રા " માં સરી પડીશ.

ઓમકારને અંતે બાબા બહાર આવ્યા. પછી ઓરડાના સૌમ્ય પ્રકાશમાં તેઓ એક-બે મિનિટ ઉભા રહ્યા. શાંત સવારના ઝાંખા પ્રકાશમાં તેઓ એક દૈવીપુંજ જેવા દેખાતા હતા. મેં મનોમન પ્રાર્થના કરી.

બાબા પાછલી સીટ પર બેઠા. એમની બાજુમાં હું બેઠો અને મારી બાજુમાં ભગવન્તમ બેઠા. ડ્રાઈવરની બાજુમાં આગલી સીટ પર અનંતપુરના કલેક્ટર શ્રી ચક્રવર્તી બેઠા. કાર રસ્તા ઉપર દોડવા લાગી. જો તે ક્ષણે નિંદ્રાદેવી મારી પાસે આવ્યાં હોત અને મને બધાં જ સ્વર્ગીય સુખો આપવાની વાત

કરી હોત તો પણ મેં ક્ષણનો પણ વિચાર કર્યા વિના ઠુકરાવી દીધાં હોત. કારણ કે કોઈ વ્યક્તિ કે જેમની આપણે હરહંમેશ તપસ્યા કરીએ, તેમને પામવા એક પછી એક જીવન વિતાવી દઈએ તો પણ ન મળી શકે એજ મારી બાજુમાં બેઠા હતા ! હું એમના સ્પર્શથી જેટલો ગભરાટ અનુભવી રહ્યો હતો, તેમ તેમ તેઓ મારા શરીર જોડે વધુ ને વધુ ઘસાતા હતા! કેટલીકવાર તો તેઓ ભગવંતમ્ ને કંઈક કહેવાને બહાને મારા શરીર તરફ એટલા બધા નમી જતા કે મારો ચહેરો તેઓના વાળથી સંપૂર્ણપણે ઢંકાઈ જતો હતો. સુગંધ અને મુલાયમતાની બાબતમાં એમનું શરીર તો ગુલાબની પાંદડીઓને પણ શરમાવે તેવું છે ! મેં મારી જુવાનીમાં અસંખ્ય ફ્રેન્ચ પરફ્યુમ્સોનો ઉપયોગ કર્યો છે, પરંતુ આ શરીરની સુગંધને એક શબ્દમાં વર્ણવવી હોય તો તે છે : આનંદ.

આશરે સાતેક વાગ્યે અમારી કારે વળાંક લીધો. રોડની બાજુમાં આવેલા જંગલ પાસે ખુલ્લી જગ્યામાં ઊભી રહી. અમારી પાછળ આવતું વાહન પણ ત્યાં જ અટક્યું. મને સમજાઈ ગયું કે આગલા દિવસે બાબાએ જે વાહન પાસે આવવા કહ્યું હતું, તે વાહનમાંથી નાસ્તો બહાર કાઢવામાં આવ્યો. પૂરી, ઈડલી, વડાં, કરી અને ચટણી- એક મોટા થર્મોસમાં કોફી. એમણે જરા અમસ્તું લીધું અને અમને અમારું પેટ ભરાઈ જાય ત્યાં સુધી ખવડાવ્યું. કારમાં, તેઓ આધ્યાત્મિકની સાથે-સાથે દુન્યવી વાતો પણ કરતા હતા. વારંવાર તેઓ અમને એમના અનુપમ હાસ્યથી હસાવતા હતા. જો તમે મને પૂછો કે બાબાએ જે કંઈ કહ્યું તે ટૂંકમાં કે એક-બે વાક્યમાં કહો તો તે ખૂબ જ મુશ્કેલ કામ બની જાય છે. હું ફક્ત એટલું જ કહીશ, " એમણે કહ્યું કે ભગવાનમાં ઊંડી શ્રદ્ધા જ માણસને શાંતિ અને આનંદ આપી શકે છે. જેઓ ખરેખર દીન છે, મિત્ર વિહોણા છે, તેઓ ભગવાનની કૃપા મેળવી શકે છે." અમે આઠ વાગ્યે વૃંદાવન આવી પહોંચ્યા. બાબા ઉપલા માળે ચાલી ગયા. બાકીના અમે નીચે રહ્યા. બાબાની કોલેજના વિદ્યાર્થીઓ અમારી સેવામાં હતા. તે સમય દરમિયાન હું બાથરૂમમાંથી બહાર આવ્યો, ત્યારે એક છોકરો કોફીનો કપ લઈને મારી રાહ જોઈ રહ્યો હતો. તેણે મને કહ્યું, "તમે થાકી ગયા હશો. મેં પથારી તૈયાર રાખી છે. તમે આરામ કરી શકો છો. સાચી વાત કહું તો હું બળપૂર્વક મારી પાંપણોને ઉંઘાડી રાખવા પ્રયત્ન કરતો હતો. જેવો હું પથારીમાં પડ્યો કે તરત જ ઊંઘી ગયો. જ્યારે બપોરનાં ભોજનની બૂમ પડી ત્યારે હું ભર ઊંઘ માં હતો. બાબાએ કહ્યું, "એમણે બે રાત્રિ સુધી ઊંઘ નથી કાઢી, એમને જગાડશો નહીં. એમને સૂવા દો." હું બપોર પછી ચાર વાગ્યે ઊઠ્યો. પછી કોફીનો સાદ સંભળાયો. હું ઉપર ગયો. તેમણે મને પૂછ્યું, " શું પૂરતી ઊંઘ લીધી" !

"ભગવાન, ઘણા દિવસથી મેં આવી ગાઢ નિંદ્રા લીધી જ નથી. " બાબાએ કહ્યું, " એક રાત્રે તમારા બ્લડપ્રેશરે તમને ઊંઘવા ન દીધા અને ગત રાત્રે મારી કાર તેથી મેં તમને બપોરના ભોજન માટે જગાડયા નહીં." ટીફીન અને કોફી બાદ હું નીચે આવ્યો. તે જ સાંજે બાબાએ વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયનું ઉદઘાટન કર્યું. અમે બધાએ રાત્રિભોજન એમની જોડે જ લીધું.

તા. ૧૫મી ની સવારે હું મારી પથારીમાંથી ઊઠું તે પહેલાં તો એક છોકરો કોફી લઈને હાજર હતો. ત્યારે સવારના છ પણ વાગ્યા નહોતા. મેં ઝડપથી બ્રશ કર્યું. સ્નાનાદિ વિધિ પતાવી અને કોફી પીધી. આશરે આઠ વાગ્યે સવારના નાસ્તાનું આમંત્રણ મળ્યું. વિદ્યાર્થીઓ પીરસી રહ્યા હતા. બાબાએ સંભવતઃ ફક્ત એક ઈડલી અને એક વડું લીધું. ભગવન્તમ્ પણ વધુ આગળ ન વધ્યા. પરંતુ ચક્રવર્તી, સ્વામી કરુણ્યાનંદ અને હું જરા પણ થંભ્યા નહિ ! બાબા અમારી બાજુમાં બેઠા અને રસોઈયાની રાંધણકળાના વખાણ કરવા લાગ્યા. સાથે-સાથે અમને વધુને વધુ ખાવા માટે આગ્રહ કરતા રહ્યા.

કેવો માતૃપ્રેમ ! આ સંભાર અને ચટણીના સ્વાદની યાદ જ્યારે પણ આવે છે ત્યારે મારા મોં માં પાણી આવી જાય છે. નવ વાગ્યા બાદ તેઓ ભજન હોલમાં બેઠેલા ભક્તોને દર્શન આપવા ગયા. થોડા અંતર સુધી અમે પણ એમની પાછળ ગયા. એમણે કેટલાક લોકોને વાર્તાલાપ કરવા માટે બોલાવ્યા. આરતી લીધી. પાછા આવ્યા. તે સમયે કોઈ કામ કરવાનું નહોતું એટલે હું આસપાસ થોડું ઘૂમ્યો અને પછી અંદર ગયો. બપોરનું ભોજન એક વાગે હતું. બાબા એક ખાસ ટેબલ પર બેઠા. અમે બીજા ટેબલ પર બેઠા. ભાત, કઢી અને અન્ય ખાદ્યચીજો સાથે મૂકવામાં આવી હતી. એમણે કદાચ ત્રણેક ચમચી ખાધું હશે. તેઓ અમારી પાસે આવ્યા. અમારી મા ની જેમ અમને વધુને વધુ ખાવા આગ્રહ કરવા લાગ્યા. એમણે કઢી તરફ આંગળી ચીંધીને મને કહ્યું, "આ ખાઓ, રાજમાતાએ મોકલી છે." તે સમય દરમ્યાન તો મેં તે કઢીનો બીજો ભાગ પણ ખાઈ લીધો હતો.

બપોરનું ભોજન પૂરું થયું. ભગવાને એમના બોક્ષમાંથી એક પાન બહાર કાઢ્યું. મને આપ્યું. મેં એને માથે અડાડીને ખાધું. " કદાચ, આ(પાન) તમે ખાઓ છો તેવું ન પણ હોય", એમણે કહ્યું.

તા. ૧૭મી ના રોજ સવારના નાસ્તા બાદ બાબાએ અમને બપોરના ભોજન બાદ ત્યાંથી રવાના થવા તૈયાર રહેવા જણાવ્યું. ત્યાંના વિદ્યાર્થીઓ બાબા ને ઓછામાં ઓછા તે દિવસ પૂરતું રહી જવા **આજીજી** કરી રહ્યા હતા. બાબા તેમને સમજાવીને કહી રહ્યા હતા કે પ્રશાંતિ નિલયમ ખાતે તેમને ઘણાં બધાં કામો છે. બપોરના ભોજન બાદ બાબાએ કહ્યું, " હું તમારી સાથે ફોટો પડાવીશ. જો તમે મારી વધુ નજીક ઊભા રહેશો, મને સ્પર્શીને ઊભા રહેશો તો ફોટો ઘણો સુંદર આવશે." ફોટોગ્રાફી બાદ, હું નીચે આવ્યો. અમે આશરે બે વાગ્યે વૃંદાવન છોડ્યું. પાછલી સીટ ઉપર બંને બારણા પાસે બે છોકરાઓ બેઠા તેમની વચ્ચે બાબા અને હું. આગળની બેઠક પર ડ્રાઈવરની બાજુમાં ચક્રવર્તી બેઠા. આંખમાં આંસુઓ સાથે રોડની બંને બાજુએ છોકરાઓ ઊભા હતા. આ સંબંધ અત્યંત મધુર હતો, હૃદયસ્પર્શી વિદાય હતી. અર્ધા કલાકની મુસાફરી બાદ બાબાએ અમને ભજનો ગાવા માટે કહ્યું. છોકરાઓમાંથી એક છોકરાએ ખૂબ જ હૃદયસ્પર્શી ભજન ગાયું. પછી એમણે મને પૂછ્યું, " શું તમે ભજન ગાઓ છો ? " મેં કહ્યું, નિયમિત નહીં, પરંતુ તમારા વિશે વાતો કરતાં જ્યારે મને પ્રેરણા થાય, જ્યારે તમારા વિશે બોલું ત્યારે તૂટક-તૂટક એક કે બે ગીતો ગાઉં છું. " મેં ગાયું ચલ રે મન.....ભજન. પ્રથમ કડી બાદ ભગવાન પોતે જ જોડાઈ ગયા. "સાઈ શંકર નારાયણ, બોલો સાઈ શંકર નારાયણ....." હું ગીત ગાતાં ગાતાં મારી સીટ પર કૂદી રહ્યો હતો.

ગીતો બાદ, તેમણે જુદી જુદી બેગો ઉઘાડી. જેમાં નારંગીઓ, કેળાં, મીઠાઈઓ, વડાં, લહેજતદાર મિશ્રણ વગેરે હતાં. તેઓએ તેને અમારા તરફ મોકલ્યા. જ્યારે તેઓ અમને બધું આપી રહ્યા હતા ત્યારે મીઠાઈનો ભૂકો એમના ઝભ્ભા ઉપર પડ્યો. મેં મારો હાથરૂમાલ બહાર કાઢી સાફ કર્યો. જ્યારે હું ખાઈ રહ્યો હતો, ત્યારે કેટલોક ભૂકો મારા ફ્ર્તા ઉપર પડ્યો. તે સમયે **એમણે** એમનો હાથરૂમાલ કાઢયો અને સાફ કર્યો. આ સમયે હું સ્વર્ગીય આનંદમાં એટલો બધો ખોવાઈ ગયો કે હું એ પણ ભૂલી ગયો કે હું એક ભગવાન ની બાજુમાં બેઠો છું. અમે જાણે કે બે મિત્રો હોઈએ, બે શરીરમાં એક જ હૃદય ! ખાધા બાદ, એમણે મને એમનું પાન બોક્ષ આપ્યું. હું ખચકાયો. મેં કહ્યું, " તમે મારા માટે બનાવો. " " ના. તમે તમારી જાતે બનાવી લો. મારી પાસે તારો ઝરદા નથી, છતાં તને તે ભાવશે." મેં એમના હાથમાંથી એમનું બોક્ષ લીધું અને કહ્યું, " ભગવાન, તમારા હાથે મને ગમે તે આપો તે અમૃત જ છે."

મારો આ બધું લખવાનો હેતુ એટલો જ છે કે

મારે વાંચકોને કહેવું છે કે અવતાર લીલાની ગહેરાઈ અનંત હોય છે. જ્યારે અનામી અને નિરાકાર- નામ અને આકાર ધારણ કરીને આપણી વચ્ચે આવે છે, એક માનવકક્ષાએ આપણી વચ્ચે રહે છે, ત્યારે એમના આત્મીય પ્રેમની મધુરતા માનવ હૃદયમાં સદા અતૃપ્ત તૃષા સર્જે છે. ભગવાનની મધુરતા આપણાં યાચનાયુક્ત હૃદયને સરખામણી ન કરી શકાય એ રીતે ભરી દે છે. તેઓ ભક્તોની પૂરતી કાળજી રાખે છે. વ્યક્તિગત સંપર્કનો આનંદ તેઓ ભાગ્યે જ આપે છે. તેઓ જ્યારે ભક્તોની નજીક આવે છે, ત્યારે તેઓ કૈલાસના અથવા વૈકુંઠના અથવા પરબ્રહ્મના ભગવાન રહેતા નથી. તેઓ પોતાના જ માતા, પિતા, મિત્ર, સાથીદાર છે.

(બ્રહ્માનંદ પાંડાના “રસો વૈ સઃ” માંથી લેવાયેલ કેટલાક અંશો)

## ભાગવત વાહિની પ્રકરણ-૬ અને ૭

# વિદુરનો સંન્યાસ અને વિવેકપૂર્ણ ઉપદેશ

રાજ ભવનમાં પધારીને, વિદુરજી પરિવારના દરેક સભ્યને મળ્યા અને કુશળમંગલ પુછ્યું. પછી મહારાણી કુંતીદેવીએ એમની તરફ હેતભરી નજરે જોયું અને તેઓ બોલ્યા, "ઓ, વિદુરજી, અમારૂં સદભાગ્ય કે અમે આપને જોઈ શક્યા !". કુંતા-માતા આથી વધારે કશું જ કહી ન શક્યા.

થોડો પોરો ખાઇને તેઓ ફરી બોલ્યા, "આ મારા બાળકો, કે જેમને તમે ખૂબ જ પ્રેમથી ઉછેર્યા, તેઓ, હું અને અહીં બીજા બધા, જેઓ તમને આટલા બધા પૂજ્યભાવથી માને છે, તે બધાને છોડીને તમે આટલા લાંબા સમય સુધી કેવી રીતે રહી શક્યા? આ તો તમારી કૃપાને કારણે જ મારા પુત્રો આ પ્રદેશના રાજા બન્યા. અનેક મુશ્કેલીભર્યા પ્રસંગોમાં જો તમે એમને ન બચાવ્યા હોત તો આજે તેઓ ક્યાં હોત? અમારી ઉપર અનેક વિપત્તિઓ આવી કે જેમાં અમે જ (નાશ માટેનું) લક્ષ્ય હતા; પરંતુ તમે અમારાથી દૂર હતા તે તો સૌથી મોટુ સંકટ હતું. એની અસર સૌથી વધુ થઈ. આપ અમોને ફરી જોવા મળશો, એ આશા જ મરી પરવારી હતી. હવે (આપને મળીને) અમારા હૃદય ફરી પલ્લવિત થયા છે. નિરાશાઓની વચ્ચે આશાનો સંચાર થયો છે. આજે અમે આનંદની પરાકાષ્ઠા અનુભવીએ છીએ. આજનો દિવસ ખૂબ શુભ છે". કુંતી આવું બોલતા બોલતા આંસુ લુછી રહ્યા હતાં.

વિદુરજીએ મહારાણીના હાથ પોતાના હાથમાં લીધા (સાંત્વના આપવા માટે) પરંતુ પોતે જ પોતાના આંસુઓને રોકી ન શક્યા. પાંડવો અને કૌરવોની વચ્ચે, અતીતમાં વીતિ ગયેલા અનેક પ્રસંગોને-ઘટનાઓને તેઓ પોતે નજર સમક્ષ નિહાળી રહ્યા હતા. તેઓ બોલ્યા, "માતા કુંતી દેવી ! નસીબમાં જે લખાયેલું છે તેને કોણ લાંઘી શક્યું છે ! થવા કાળે જે થવાનું છે, તે થવાનું જ છે. માનવી, જે સારૂં કે ખરાબ કાર્ય કરે છે, તેનું પરિણામ તેને તે જ પ્રમાણે- શુભાશુભ મળે જ છે. કાર્ય-કારણના નિયમોના બંધનમાં જકડાયેલો માનવી સ્વતંત્ર છે, એમ શી રીતે કહી શકાય. દૈવાધિન નિયમોના હાથમાં માનવી તો કઠપુતળી છે; જે, જેમ નચાવે તેમ નાચે છે. ઉપરથી દોરી-લગામ જેમ દોરે તેમ તે દોરવાય છે. અહીં આપણા ગમા-અણગમાનું કોઈ મહત્વ નથી. બધું જ 'એની' ઈચ્છાથી છે, 'એની' કૃપાથી છે". આમ વિદુરજી, જ્યારે માતા કુંતીને માનવી જીવનને અસર કરતા પાયાના આધ્યાત્મિક સત્યોની સમજણ આપી રહ્યા હતા, ત્યારે પાંડુ પુત્રો- ધર્મરાજા, ભીમ, નકુલ અને સહદેવ તેમની નજીક

બેસીને એકાગ્ર ચિત્તે ધ્યાનથી બધું સાંભળી રહ્યા હતાં.

નીચી નજર રાખીને સાંભળી રહેલા કુંતી, માથું ઉંચુ કરીને બોલ્યા, "આપના આશીર્વાદથી જ અમે યુદ્ધ જીત્યા છીએ પરંતુ, દ્રૌપદીના પુત્રો અને સુભદ્રાના પુત્રને અમે બચાવવામાં શક્તિહીન પુરવાર થયા છીએ. કમનસીબે અમને બહુ ભારી આંચકો આપ્યો. અલબત આપે કહ્યું તેમ, પ્રારબ્ધમાં જે છે તેનાથી કોઈ બચી શક્તું નથી. ભૂતકાળને તો છેવટે ભૂલવો જ રહ્યો. બધુ વ્યવસ્થિત કરવા જતાં, જે થતું જ નથી, તે વિશે ચિંતા કરવી અર્થ હીન છે. મારે કહેવું જોઈએ, કે મારી ચિંતાઓમાંથી હું ઘણી ખરી મુક્ત થઈ ગઈ છું. હું તમને છેવટે મળી શકી, પરંતુ આપ, આટલો બધો સમય ક્યાં હતા, તે તો અમને કહો".

વિદુરજીએ જવાબમાં કહ્યું કે તેઓ અનેક પવિત્ર તીર્થસ્થાનોની યાત્રાએ હતા. પાંડવપુત્રો તેમની કથા ધ્યાનથી સાંભળતા હતા અને વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછીને વધુ સાંભળવા રસ બતાવતા હતા. આવા પવિત્ર અનુભવો મેળવવા ક્યારે જવા મળશે, તે દિવસની રાહ જોઈ રહ્યો છું એવું ધર્મરાજાએ કહ્યું. વાતો દરમ્યાન જ્યારે પણ પવિત્ર દેવસ્થાનની વાત આવતી, ત્યારે ધર્મરાજા શ્રદ્ધાથી આદરપૂર્વક હાથ જોડી દેતા અને તે પવિત્રસ્થાનનું આંખો બંધ કરીને અનુમાન લગાવતા. એટલામાં ભીમે વચ્ચે જ પ્રશ્ન કર્યો, "શું આપ દ્વારકા ગયા હતા? કૃપા કરીને અમને ત્યાંના પણ અનુભવો કહોને !". ધર્મરાજા પણ બોલ્યા, "તમે ત્યાં ભગવાન કૃષ્ણને મળ્યા હશો, સાચી વાતને? તે પણ બધું વિસ્તૃત રીતે અમોને જણાવો". કુંતી દેવી પણ, તે બધું વર્ણન સાંભળવા આતુર થઈ ગયા; તેઓ બોલ્યા, "હા હા ! તે બધું અમને કહો. મારો દિકરો અર્જુન હમણાં ત્યાં જ છે. તમે તેને પણ મળ્યા જ હશો. ત્યાં બધા કેમ છે? હું માનું છું કે માતા-પિતા નંદ-યશોદા તેમજ દેવકી-વસુદેવ બધા સારા હશે". વિદુર કાંઈ બોલે તે પહેલા તો જાણે સવાલોનો વરસાદ એમની ઉપર પડવા લાગ્યો.

વિદુરજીને આના જવાબો આપવા માટે ખાસ કોઈ રસ ન હતો. તેઓ એવી રીતે જાણે બોલતા હતા કે તેઓ આ વિષયમાં વધુ ઉતરવાનું ટાળવા માગતા હોય; કારણ કે દ્વારકા જતી વખતે, માર્ગમાં જ ઉદ્ધવ પાસેથી તેમને જાણવા મળ્યું હતું કે યાદવ વંશનો અંત થઈ ગયો છે અને ભગવાન શ્રી કૃષ્ણે પણ માનવદેહ છોડી દીધો છે. લાંબા સમય પછી, જ્યારે પાંડવો એમને મળીને કૃતકૃત્ય થયા છે ત્યારે તેમને દુઃખી કરવાની તેમને કોઈ ઈચ્છા ન થઈ. તેમણે વિચાર્યું, કે જ્યારે મેં જ તેમને આટલી બધી ખુશી આપી છે, ત્યારે મારે જ શા માટે તેમની તે ખુશી છીનવી લેવી; અર્જુન જ્યારે આ દુઃખદ સમાચાર લઈને આવશે ત્યારે તેમને એ વિશે ખબર પડવાની જ છે. કહેવા માટે મોઢા સુધી આવતા આ સમાચારોને તેઓ પોતે જ ગળી ગયા અને કૃષ્ણની મહાનતાની વાતોનું વર્ણન કરવા લાગ્યા. તેઓ બોલ્યા, "મારો આવો ઋષિવેશ ધારણ કરેલો હોવાને નાતે હું કોઈ મિત્રો કે સગાઓને મળવા માગતો ન હતો; અને આથી જ હું કોઈ યાદવ અગ્રણીઓને કે નંદ, યશોદા કે કોઈને મળ્યો નથી." આમ કહીને તેઓ ચૂપ થઈ ગયા. હવે તેમણે દ્વારકા કે તેમની યાત્રાની વાતો ન લંબાવી અને તરત જ બોલ્યા.

"આ તો મને જાણવા મળ્યું કે તમે યુદ્ધ જીતી લીધું છે અને હવે તમે-તમારા પોતાના હક્કના રાજ્ય ઉપર-શાંતિથી શાસન કરી રહ્યા છો; માટે જ હું તમારી પાસે આવ્યો. નાની ઉંમરથી જ આ બાળકોને મેં પ્રેમથી ઉછેર્યા છે, તે સ્નેહને લીધે હું અહીં ખેંચાયો છું. મારા સગાઓ અને મિત્રો પૈકી હું ફક્ત તમને જ મળવા લાલાયિત હતો. મારે બીજા કોઈને મળવાની ઈચ્છા નહોતી." આમ બોલીને તેઓ વેદાંતિક બોધ કે જે તેઓ આપવા માગતા હતા, તે કહેવાનું શરૂ કર્યું. ચર્ચા પૂરી થતાં જ, ધર્મરાજાએ તેમને, તેમના માટે જ વિશેષ વ્યવસ્થા

કરવામાં આવેલ નિવાસે રહેવાની પ્રાર્થના કરી અને ધર્મરાજા પોતે તેમને એમના નિવાસ સ્થાને દોરી ગયા.

વિદુરજીની સેવા માટે ત્યાં કેટલાક સેવકોને જવાબદારી સોંપી અને એમને વિશ્રામ કરવા કહ્યું. વિદુરજીને, તેમનો સમય આવી રીતે ભોગ-વિલાસમાં વિતાવવો યોગ્ય તો ન લાગ્યું, પરંતુ, ધર્મરાજાને દુઃખ ન થાય તે માટે તેઓ નિવાસસ્થાનમાં પ્રવેશ્યા. શય્યા પર આડા પડતાં જ, તેઓ ભૂતકાળ વાગોળવા માંડ્યા. એમણે જ્યારે વિચાર્યું-કે એમના પોતાના જ અંધ ભાઈ ધૃતરાષ્ટ્રએ, એના જ અન્ય ભાઈના પુત્રોને ખલાસ કરી નાંખવા જે છળ-પ્રપંચ કર્યો, તે એની ઉપર જ ઉથલી પડ્યો અને એના પોતાના જ વંશના નાશને નોતર્યો,-એનો અફસોસ થયો. એમણે, ધર્મરાજાના, એણે રાખેલી મનની મોટાઈ બદલ વખાણ કર્યા, કે જે ધૃતરાષ્ટ્રને, ધર્મરાજા, શ્રદ્ધા અને ભાવથી પૂજતા હતા અને એમની બધી સગવડો સાચવતા હતા. વિદુરજીને ધૃતરાષ્ટ્રના મેલા મન પ્રત્યે ખૂબ સૂગ ઉપજી આવી. એમને એ વાતની શરમ આવતી હતી કે આ વૃદ્ધ (ધૃતરાષ્ટ્ર)-જન્મ-મરણના ફેરામાંથી છુટીને મુક્તિ મેળવવાનું જે ધ્યેય છે તે પ્રાપ્ત કરવાને બદલે- ઈન્દ્રિય સુખોથી વિરક્તિ કેળવવાને બદલે, અહીંના માહોલમાં ભોગ-વિલાસની માયામાં, આરામથી આળોટી રહ્યો છે. આ ધરા ઉપર, હવે જીવનના જે થોડા ઘણા વર્ષો જીવવાના બાકી છે તે વૃથા રીતે એમનો ભાઈ વેડફી રહ્યો છે તેનાથી તેઓ ખૂબ વ્યથિત થયા.

યોગિક દૃષ્ટિથી તેઓ જાણતા તો હતા જ કે પાંડવો પણ અહીંથી ચાલ્યા જશે અને જે કૃષ્ણએ એમની રક્ષા કરી હતી, એમની જ શરણમાં તેઓ જતા રહેશે. અને કૃષ્ણ તેમનું ધ્યાન પણ રાખશે. પાંડવો ચાલ્યા ગયા પછી ધૃતરાષ્ટ્રને બહુ સહન કરવાનો વારો આવશે. તેમણે નક્કી કર્યું કે તેમના એ અભાગી ભાઈને તીર્થાટન પર હવે મોકલી દેવો જોઈએ. આ બાબતે તેઓ જરાય વિલંબ કરવા માગતા નહોતા. આથી, તેઓ રાત્રે અંધકારમાં, કોઈ તેમને જુએ નહીં, તે રીતે નિકળી પડ્યા અને સીધા ધૃતરાષ્ટ્રના નિવાસે ગયા.

અંધ રાજા અને રાણી ગાંધારી, વિદુર મળવા આવશે એવી અપેક્ષામાં જ હતા, કારણ તેમને ખબર તો પડી હતી કે વિદુર નગરમાં પધાર્યા છે. જેવા વિદુર અંદર આવ્યા, તેઓ એમને હર્ષાશ્રુ સાથે ભેટી પડ્યા. ધૃતરાષ્ટ્રને ધીરજ ન રહી. તેઓએ, તેમની ઉપર આવેલ એક પછી એક આફતોની યાદી વર્ણવવા માંડી અને એમના સંતાનોના ક્ષયની વાતો કરી અને પોતાના દુર્ભાગ્ય પર વિલાપ કરવા લાગ્યા. વિદુર તેમને, શાસ્ત્રોના ગહન ઉપદેશ આપવા લાગ્યા, પણ એમને તરત જ ખ્યાલ આવી ગયો કે આ વૃદ્ધના પથ્થરની સમાન જડ થઈ ગયેલ હૃદયને આવી જ્ઞાનભરી વાતોથી નહીં બદલી શકાય. રાજાની મૂર્ખમતિને કઠોર કોરડા વિંઝ્યા વિના નહી ચાલે.

આથી, તેમણે હવે સૂર બદલ્યો અને નિંદાત્મક તેમજ દોષારોપણની ભાષા વાપરવાનું શરૂ કર્યું. આ સાંભળીને, ધૃતરાષ્ટ્રને તો હૈયામાં ફાળ પડી. તેઓ વિદુરજીને હળવો ઠપકો આપતા બોલ્યા, "ભાઈ! અમે અહીં અમારા સો પુત્રો ગુમાવવાની લાહ્યમાં બળી રહ્યા છીએ, અને તમે તમારી ક્રોધાત્મક દોષારોપણની અણીદાર સોયો અમારા જખમોને ઘોંચી રહ્યા છો. આટલા લાંબા સમયગાળા પછી જ્યારે આપણે મળી રહ્યા છીએ ત્યારે તેનો આનંદ લેવાનું શરૂ કરતા અગાઉ જ, તમે અમને, કેમ દુઃખ અને પીડાની ગર્તામાં ધકેલી રહ્યા છો? અરે ! પણ મારે શા માટે તમને તમારા આવા કઠિન વર્તણૂક માટે દોષ આપવો ? બધા મને હસે તો છે જ અને દોષ પણ આપે જ છે. તમારો વાંક કાઢવાનો મને કોઈ હક્ક નથી." આમ કહીને ધૃતરાષ્ટ્ર, હથેળીપર માથુ ટેકવી શાંતિથી બેસી ગયા.

ત્યાગનો બોધ-જતુ કરવાની વૃત્તિની વાતો

ઠસાવવા માટે આ જ યોગ્ય ક્ષણ હોવાનું વિદુરજીને લાગ્યું અને આ પરિત્યાગ થકી જ તેમને સર્વનાશથી બચાવી શકાશે એવું લાગ્યું. વિદુરજી જાણતા હતા કે એમનો હેતુ ઠપકારવાના કાર્યથી પણ પર હતો; કારણ તેઓ તો, રાજા પવિત્ર સ્થાનોની યાત્રાઓ કરે, પોતાની જાતને પવિત્રતાથી ભરે, સંતોના સમાગમથી પાવન થાય, પોતાની અંદર રહેલા ઈશ્વરને પિછાણે અને આમ, પોતાની જાતને બચાવે (આ સાચો હેતુ હતો) એવું ઈચ્છતા હતાં. તિરસ્કાર/ટીકા, એ તો બહાનું હતું. આથી વિદુરજીએ, એમના અને રાણી મા પરિવર્તન લાવવા હેતુ વધુ કડકાઈભર્યા શબ્દો વાપરવાનું નક્કી કર્યું. તેમની આવી લાચાર-દીનહીન સ્થિતિ માટે, એમને દયા આવતી હોવા છતાં, વિદુરજીને એમની ઉપર આવનારી ભીષણ સ્થિતિનો અણસાર હતો કે તેવા સમયમાં તે બન્નેને હિંમતની જરૂર રહેશે અને એ હિંમત જ્ઞાનમાત્રથી જ આવી શકે છે, આથી એમણે કઠોર થવાનું નિશ્ચિત કરી લીધું. તેઓ બોલ્યા, "અરે મૂરખ રાજા ! તમને શરમ નથી આવતી? તમે હજુ પણ દુન્યવી સુખોમાં આનંદ શોધો છો? મરતા સુધી તમે આ દુન્યવી કાદવમાં જ આળોટતા રહેશો તેનો શો ફાયદો? હું વિચારૂ છું કે હવે બહુ થઈ ગયું. કાળ એ કાળોતરો નાગ છે જે તમને ઓહીયા કરી જવા મોં ફાડીને રાહ જોઈ રહ્યો છે. મૃત્યુ ગમ્મે ત્યારે આવી શકે છે. તમે ભલે માનતા હો કે તમે આ ચુંગલમાંથી છુટી શકશો અને અનંતકાળ સુધી જીવશો. ગમ્મે તેટલો મહાન હોય પણ કોઈ એમાંથી છટકી શક્તું નથી. આ નશ્વર દુનિયામાં, તમે સુખ પાછળ ભટકતા રહ્યા છો અને વાસના તૃપ્તિનો સંતોષ માનીને અટવાઈ રહ્યા છો. જીવનના અમૂલ્ય વર્ષોને તમે વેડફી રહ્યા છો. જીવનને યોગ્ય પાત્રતાવાળુ બનાવો. પ્રયત્નો શરૂ કરવામાં હજુય બહુ મોડુ નથી થયું. ઘર છે એમ માની લીધેલા આ પાંજરાને ત્યજી દો. દુન્યવી સુખો અને ઉપભોગોને મનમાંથી કાઢી નાંખો. આ જીવન પ્રવાસનો અંત થશે જ પરંતુ પછીના મોક્ષના સુખનો વિચાર કરો, એક બીજી દુનિયા તમારી રાહ જોઈ રહી છે. તમારી જાતને બચાવો. પોતાના પુત્રો અને સગા-વ્હાલાઓના થયેલ મૃત્યુના શોકથી સંતપ્ત થઈને જીવન ત્યાગી દેવાનું મુરખ કૃત્ય છોડો. જીવનની અંતિમ ઘડીએ માત્ર ઈશ્વરનું જ ચિંતન મનમાં રાખી મૃત્યુને સ્વીકારો. પ્રભુના ચરણોમાં બધી વૃત્તિઓ જોડી દો. પાટનગરના મહેલમાં રીબાતા-રીબાતા મરવું, તે કરતા તો ઘનઘોર જંગલમાં આનંદથી મૃત્યુને ભેટવું, એ વધારે સારૂં છે. જાઓ અને તપ કરો. આ સ્થાનેથી નિકળી જાવ, જેને તમે તમારૂ ઘર માનો છો તે તો બંધન છે.

વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઠપકો આપવાનું ચાલુ રાખતા કહ્યું, "તમે આટલી પરિપક્વ ઉંમરે પહોંચ્યા છો પરંતુ હજુય કોઈ પણ શેહશરમ કે ખચકાટ વિના તમે કુતરા જેવું જીવન જીવી રહ્યા છો. તમને ભલે શરમ નહી આવતી હોય, પણ મને તો આવે છે. દયા આવે છે તમારી. આ રીતનું જીવન જીવવું એ તો કાગડા કરતા પણ બદતર છે.

ધૃતરાષ્ટ્ર વધુ કાંઈ સાંભળી નહી શક્યા. તે રડતા સ્વરે બોલ્યા, "અરે! બાપ, બહુ થઈ ગયું. હવે તો બસ કરો. તમે તો મને મરણયાતના આપી રહ્યા છો. એક ભાઈ તેના બીજા ભાઈને આવા વેણ ન સંભળાવે. આવું બધું સાંભળુ છું તો મને લાગે છે તમે મારા ભાઈ નથી, વિદુર. મારો ભાઈ મારા પ્રત્યે આટલો ક્રુર ન થાય. ધર્મરાજાની સાથે હું હમણા રહુ છું તો તે શું કોઈ પારકા છે? શું મેં કોઈ પારકાનો આશ્રય લીધો છે? શું વાત કરો છો તમે? શા માટે આટલા બધા કઠોર વેણ? ધર્મરાજા તો મને ખૂબ પ્રેમથી રાખે છે, મારી કાળજી લે છે. તમે કહી જ કેવી રીતે શકો કે હું કાગડાનું કે કુતરાનું જીવન જીવું છું. આવું જો તમે વિચારતા હો તો તે પાપ છે. આ તો મારૂં નસીબ છે, બીજુ કાંઈ નહીં." આવુ કહીને ધૃતરાષ્ટ્રે માથુ નીચે નમાવી દઇને, ઊંડો નિસાસો

નાંખ્યો.

વિદુરજી ઉપહાસ કરતા હસ્યા અને બોલ્યા, "તમે આવુ બોલો છો તે તમને જરાયે શરમ નથી આવતી? એક સજ્જન હોવાને નાતે, ધર્મરાજા પોતાના પિતા કરતા પણ તમારી વધારે દરકાર રાખતા હશે. તમારા પોતાના પુત્રો તમારૂં ધ્યાન રાખત તેના કરતા પણ તે તમારૂ વધુ ધ્યાન, પ્રેમથી રાખે છે. આ તો એના સત્ચરિત્રનું પ્રતિબિંબ છે. એના નામ પ્રમાણે એના ગુણો છે. પણ શું તમારે તમારા ભવિષ્ય વિશે કંઈ વિચારવું ન જોઈએ. તમારો એક પગ સ્માશાન ભૂમિમાં છે અને તમે અણસમજુ થઈને સુખ સગવડો અને ભોગ-વિલાસમાં આળોટીને ભૌતિક ભૂખ સંતોષો છો. જરીક વિચારો તો ખરા, તમારા અધમ પુત્રોની હલકી ઈચ્છાઓ પૂરી કરવા માટે તમે ધર્મરાજા અને એના ભાઈઓ ઉપર કેટલો ત્રાસ ગુજાર્યો હતો; એમને ખલાસ કરવા, તમે કેવા કેવા કપટ રચ્યા હતા. તેમને લાક્ષાગૃહમાં રહેવાનું કહી, તે ઘરને તમે સળગાવી દીધું હતું. તેમને ઝેર આપવાનો કારસો રચ્યો હતો. ભરી સભામાં તમે તેની પત્નીનું બધાની સામે હલકટાઈ રીતે અપમાન કર્યું હતું. તમે અને તમારા અધમ પુત્રોની ટોળકીએ પાંડુપુત્રો ઉપર-તમારા પોતાના ભાઈના પુત્રો ઉપર દુઃખોના ઢગલા અને ઢગલા થોપે રાખ્યા. અંધપણું, વૃદ્ધાવસ્થા ધારણ કરનાર હે જાડી-ચામડીના હાથી, તમે સિંહાસન પર બેઠા બેઠા તમારી આજુ-બાજુનાને નિરંતર પૂછતા રહ્યાં, "હવે શું થાય છે? હવે શું થાય છે?" ધર્મરાજા (અને પાંડુપુત્રો)નું નિકંદન કેમ નીકળે એ માટે હંમેશા અન્યાય અને પક્ષપાત આચરીને ગુન્હો કરનાર, તમે હવે ધર્મરાજાનું આદરાતિથ્ય ભોગવો છો? તમે જ્યારે તેમનો અંત કરવાની યોજનાઓ કરતા હતા ત્યારે તે તમારા ભત્રીજા મટી ગયા હતા? કે જ્યારે આજે તમે એમના આશ્રયે રહેવા આવ્યા છો ત્યારે એ તમારા ભત્રીજા તરીકે ઉગી નિકળ્યા છે? શરમના લીરે લીધા ઉડાડીને (નિર્લજ્જ થઈને) આજે તમે ગર્વથી કહો છો કે તેઓ તમારી ખૂબ સારી સંભાળ રાખે છે.

આટલું બધું શા માટે બોલવું? અનર્થકારી ચોપાટ (જુગાર)ની રમત તમારી પહેલને લીધે થઈ. એવું નહોતું શું? તમે તેનો વિરોધ કર્યો? ના. હું એ રમતનો સાક્ષી હતો. મેં ત્યારે જ તમને સાવધ કર્યા હતા, પણ તમે મારી વાત સ્વીકારી? આજે તમે જે પ્રેમ અને સહાનુભુતિની વાતો સહેલાઈથી કરો છો, તો ત્યારે તેને શું થયું હતું. આજે તો તમે, પાંડવો તમારી આગળ જે અન્ન-ભોજન ધરે છે તે એક શ્વાનની માફક ખાઈ લો છો અને ધિક્કારપાત્ર જીવન જીવી રહ્યાં છો."

વિદુરજીના આ વજ્રાઘાત કરનારા વેણ સાંભળીને, ધૃતરાષ્ટ્રને પોતાને જીવન પ્રત્યે ધિક્કારની લાગણી થવા લાગી-સૂગ પેદા થવા લાગી. વાસ્તવમાં તો વિદુરજીનો હેતુ તેમને તપસ્વી જીવન તરફ વાળીને, આધ્યાત્મિક સાધના થકી તેઓ બહુ મોડુ થઈ જાય તે પહેલા આત્મદર્શન કરી લે, તે હતો. આખરે, ધૃતરાષ્ટ્રને સમજાયુ કે વિદુર તો સાચી જ વાત કરી રહ્યા છે અને પોતાના અભદ્રી સ્વભાવનો સાચો પરિચય આપી રહ્યા છે. તેઓ બોલ્યા, "ભાઈ, હું કબુલ કરૂં છું કે તમે જે કાંઈ કીધુ તે સાચું છે. હવે મને ખાતરી થઈ છે. પણ હવે મારે કરવું શું? હું તો અંધ છું તેથી વનમાં એકલો સાધના કરવા નહીં જઈ શકું. મને કોઈનો સંગાથ જોઈએ. હું શું કરૂં? મને ડર છે કે અન્ન વગર મને બહુ તકલીફ પડશે, ગાંધારી તો મને એક ક્ષણ પણ છોડતી નથી.

વિદુરે જોયુ કે ધૃતરાષ્ટ્રના વિચારો બદલાયા છે અને સમજણનો પ્રકાશ પડ્યો છે. તેમણે ફરીથી અગાઉની જ સલાહ ઉપર ભાર મુક્તા કહ્યું, "તમે અંધ નથી પરંતુ આ શરીરના વધુ પડતા મોહને કારણે અંધ બન્યા છો. આ ભાર ક્યાં સુધી લઈને ચાલશો? કોક દિવસે, કોક સ્થળે, આ ભાર તમારે

છોડવો તો પડશે જ. આટલું જાણી લો કે 'તમે' આ શરીર નથી. ચીતરી ચડી જાય એવી ચીજોના મિશ્રણથી બનેલા શરીર સાથે તમારી જાતને સરખાવો કે માનો તે તો નરી મુર્ખતા છે. આ શરીર રોગોની સેનાથી અવિરતપણે ઘેરાયેલું છે. પણ તમે તેનાથી અજાણ છો. મૃત્યુનો વિચાર જ નથી કરતા, માત્ર ઉદરભરણ અને નિંદ્રા એટલું જ કરો છો. યાદ રાખજો, આ નાટકનો પણ અંત છે-પડદો પડવાનો જ છે. માટે, હવે મોડુ કર્યા વગર, સત્વરે કોઈ તીર્થસ્થાને પહોંચી જાવ, ઈશ્વર ચિંતન કરો અને પોતાને બચાવી લો. હવે મૃત્યુ ભલે આવે. જીવનનો આવો અંત જ ઉત્તમ છે. ગમે ત્યારે અને ગમે તે રીતે પશુની જેમ મૃત્યુને ન ભેટો. ચાલો, ઉઠો, હવે વૈરાગ્ય ભાવ કેળવો. માયાને ત્યજો અને આ ગૃહમાંથી બહાર પડો.

ત્યાગ અને વૈરાગ્યના બીજ આ રીતે તેમના હૃદયમાં વાવવામાં આવ્યા. ધૃતરાષ્ટ્ર વિચારોમાં ખોવાઈ ગયા અને અચાનક વિલાપ કરવા લાગ્યા. હોઠ ધ્રુજવા લાગ્યા. વિદુરજીને ભેટવા તેમના હાથ આગળ વધવા લાગ્યા. છેવટે, તેમણે વિદુરના હાથ પકડીને કહ્યું, "વિદુર ! હું શું કરૂં? મારા કલ્યાણ માટે તમે મને અમૂલ્ય હિતોપદેશ આપ્યો. તમે ભલે મારાથી ઉંમરમાં નાના છો, પરંતુ જ્ઞાનમાં તો તમે અમારા બધામાં જ્યેષ્ઠ છો. તમને જે ઉચિત લાગે, તે બોલવા માટે તમે બધી રીતે હક્કદાર છો. મને પારકો ન ગણશો. હવે હું કહું છું, તે ધ્યાનથી સાંભળો. તમે જે સલાહ આપશો તેને હું અનુસરીશ. પછી તેમણે તેમના ભાઈ (વિદુર)ને પોતાની પરિસ્થિતિ અંગે વાત કરવાની શરૂ કરી.

તેઓ બોલ્યા, "ઓ વિદુર ! ધર્મરાજાને કહ્યા વગર હું અહીંથી કેવી રીતે નિકળી શકુ? કારણ એ તો મારા પુત્રો કરતા પણ મારી વધુ કાળજી રાખે છે. આવું કરવું યોગ્ય નથી. હું કહેવા જઈશ તો તે, અમારી સાથે આવવા તૈયાર થશે. એનો સ્વભાવ એવો છે. મને આ દ્વિધાભરી પરિસ્થિતિમાંથી બચાવો. અને હું સાધના કરી શકું એવા સ્થાને મને લઈ જાવ. જ્યારે તેમણે આવી દલીલ કરી ત્યારે વિદુરજી બોલ્યા, "તમારી વાત વિચિત્ર છે તમે વનમાં, મિજબાની માણવા, રંગબેરંગી જ્યાફતો ઉડાડવા કે સૃષ્ટિસૌંદર્ય જોવા નથી જતા. ત્યાગની પૂર્ણ ભાવના સાથે તમે બધું હવે છોડી રહ્યા છો. હવે તમે આત્મસંયમી અને આધ્યાત્મિક્તા વાળુ જીવન જીવવાના છો. અને તમે આવા જ સમયે તમારા સ્વજનો પાસે વિદાય માગી રહ્યા છો? આ વિચિત્ર કહેવાય. એક આદર્શ પદ્ધત્તિપૂર્વક તમે દેહ મૂકવાનું જ્યારે નક્કી કરેલ છે, તે જ દેહની સાથે સંબંધિત લોકો પાસે તમે કેવી રીતે પરવાનગી માગવી એવું વિચારો છો. આવા બંધનો સાધનામાં ઉપયોગી નહી થઈ શકે. તે તમને ક્યારેય મુક્તિ નહી આપી શકે. આ બધાનું પોટલું વાળી દો અને એને ડુબાડી દો. માત્ર પહેરેલા વસ્ત્રોએ અહીંથી નિકળી પડો. હવે તમારા જીવનની એક ક્ષણ પણ વ્યય ન કરશો.

આમ, વિદુરજીએ જરીકે દયા બતાવ્યા વગર સલાહ આપી જ દીધી. તેમણે એમની વાતનો સૂર જરાય ન બદલ્યો. તેમણે તો તરત જ વૈરાગ્ય ધારણ કરવા ઉપર ભાર મૂક્યો. ધૃતરાષ્ટ્ર પથારીમાં પડ્યા પડ્યા બધું ધ્યાનથી સાંભળતા હતા અને હવે પછી શું કરવું તેની વિચારણા કરી રહ્યા હતા. તેઓ બોલ્યા, "અરે વિદુર, તમે જે કહ્યું તે તદ્દન સાચુ છે. મારે મારી વિશિષ્ટ મુશ્કેલીઓનું વર્ણન નથી કરવું પરંતુ મારૂં શરીર હવે જીર્ણ થઈ ગયું છે; આંખે અંધ છું. મને કમ સે કમ દોરવા કોઈ તો જોઈએ. શું આ સાચું નથી? તારી ભાભીએ પણ તેની આંખે પાટા બાંધી દીધા છે જેથી કરીને તે મારા અપંગત્વને વહેંચી લીધાનો અને સહન કરી લીધાનો સંતોષ લઈ શકે. અમે બન્ને અંધજનો વનમાં કેવી રીતે જઈ શકીશું? અમારે આખી જીંદગી પરાવલંબી થઈને રહેવું પડશે.

વિદુરજીએ, ધૃતરાષ્ટ્રની આંખોમાંથી નિકળતી અશ્રુધારા જોઈ. તેમને ખૂબ દયા આવી, પરંતુ

તેમણે દયા બતાવી નહીં. તેઓ તેમને આશ્વાસન આપતા બોલ્યા, "તમને વનમાં લઈ જવા હું તૈયાર છું. ચાલો. તમને આ સ્થાનેથી મુક્ત કરી દૂર વનમાં, એક પવિત્ર હેતુ-માટે આત્મકલ્યાણ માટે- લઈ જાઉં એથી વિશેષ આનંદ મને શું હોઈ શકે? ચાલો ત્યારે, આપણે નિકળીએ. વિદુરજી ઉભા થઈ ગયા. ધૃતરાષ્ટ્ર પણ પથારીમાંથી ઉભા થયા અને જવા તૈયાર થઈ ગયા. ગાંધારી પણ પાસે આવીને એમના ખભે હાથ મૂકીને ઉભા રહી ગયા, અને બોલ્યા, "સ્વામી, હું પણ તમારી સાથે આવું છું અને દરેક પરિસ્થિતિમાં રહેવા તૈયાર છું."

પરંતુ, ધૃતરાષ્ટ્ર બોલ્યા, "અરે! પણ વનમાં સ્ત્રીઓનું રક્ષણ કરવું બહુ કઠણ છે. વનમાં તો મોટા પ્રમાણમાં હિંસક પ્રાણીઓ હોય છે અને ચીજ-વસ્તુઓની તંગી અને તકલીફોની વણઝાર ત્યાં હોય છે." તેઓ આ રીતે લાંબી વાત રટતા જ રહ્યા. પરંતુ ગાંધારીએ કહ્યું કે તે તેમના પતિને છોડી શકે નહી અને તે જે તકલીફો ભોગવશે તે હું પણ ભોગવીશ." વધુમાં તે બોલ્યા, કે જીવનના અંત સુધી તેમની સેવા કરવી મારી ફરજ છે. અને ભારતીય સ્ત્રીત્વના સંસ્કારોને જ હું અનુસરી રહી છું. જ્યારે તેણી પોતાનો ધર્મ બજાવવા તૈયાર છે ત્યારે તેને તેમ કરતા રોકવી એ કોઈ ધર્મ નથી. બીજુ કે પતિ વગર રહીને અંતઃપુરમાં જીવન વિતાવવું એ અસહ્ય થઈ પડશે; આ બધા કરતા તો તે પોતાના સ્વામી સાથે વનમાં જીવન ગાળવું વધુ પસંદ કરશે. તેણી, સ્વામીના પગે પડી અને તેમની સાથે આવવા દેવા અને રહેવા દેવાની પરવાનગી માગી.

ધૃતરાષ્ટ્ર શાંત હતા, કારણ તેમને શું કહેવું એની ખબર જ નહોતી પડતી એટલે વિદુરજી જ બોલ્યા, "ધર્મની ચર્ચા-વિચારણા કરવાનો આ કોઈ સમય નથી. તમારી સ્ત્રી જ્યારે તમને છોડીને ક્યારેય એક ક્ષણ પણ નથી રહી તો આજે એ તમારો સાથ એકદમ કેવી રીતે છોડી શકશે અને એકલા રહી શકશે? આ યોગ્ય નથી. એને પણ સાથે લઇને ચાલો. તપસ્વી જીવન જીવનારને ભય કે ભ્રમ, ક્ષુધા કે તૃષ્ણા, દુઃખ કે કષ્ટ, આવું કશું હોય જ નહી. આ બધી બાબતો પરત્વે ફરિયાદો કરવા કે આવી બાબતોની ધારણાઓ કરી લેવા માટે તપ (વૈરાગ્ય) નથી. શરીર જ જ્યારે છોડવાનું છે ત્યારે સગવડોની ઉણપ શું કરી શકવાની હતી. ચાલો, મોડુ કરવામાં હવે શાણપણ નથી." વિદુરજી, ધૃતરાષ્ટ્રને દોરીને આગળ ચાલવા લાગ્યા. જ્યારે ગાંધારી પોતાનો હાથ પતિના ખભે મૂકી તેમને અનુસરવા લાગ્યા. ઈશ્વર સંનિષ્ઠ એવા સંત વિદુરજી, બન્નેને લઈને, પહેરેગીરો અને નગરજનોની નજરથી બચતા બચતા (મુખ્ય માર્ગની) બાજુની ગલીઓમાંથી નગરની બહાર નિકળી ગયા. પરોઢ પહેલાં જ વનમાં પહોંચી જવાય તે હેતુથી તેઓ ઉતાવળ કરતા હતા. પરંતુ ગંગા પાર કરવાની હતી અને સૂર્યોદય પહેલા, તેમને ગંગાનદી પાર કરાવવા ત્યાં કોઈ નાવિક જ નહોતો. આથી, તેઓને નાછુટકે પવિત્ર ગંગા તટે રાહ જોતા બેસી રહેવું પડ્યું. વિદુરજીએ તે બન્નેને એક વિશ્રામ સ્થળે આરામ કરવા કહ્યું અને અંધારામાં જ બધાને નદીના સામા કિનારે લઈ જવા હેતુ તેમણે નૌકાની વ્યવસ્થા કરી.

વસિષ્ઠ ઋષિ મહારાજા દશરથ પાસે શા માટે આવ્યા હતાં? તેમને ધન-દોલતમાં રસ નહોતો કે નહોતો કોઇ આડમ્બર કરવો. રામ જ્યારે અવતરવાના હતા, તે સમયે જ તેમને ત્યાં હાજર રહેવું હતું. સીતાને હનુમાન પ્રત્યે આ જ પ્રકારનો ઉચ્ચ આદરભાવ હતો. તેણીએ કહ્યું કે એને (હનુમાનને) જો ત્રણ લોકનું સામ્રાજ્ય-સ્વામીત્વ આપવામાં આવે, તો પણ તેણી તેનું ઋણ ચૂકવી નહીં શકે. હનુમાનના ગુણગાન ગાતા સીતાએ કહ્યું , “તમે તો ત્યાગના મૂર્તિમંત પ્રતિક છો. તમે શુદ્ધ ભક્તિનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત છો. આ બે ગુણ વિશેષતાને કારણે જ તમે ત્રણે લોકમાં મુક્ત પણે સંચાર કરી શકો છો. તમારી હાજરી માત્રથી જ ત્રણેય લોક સુખ-સમૃદ્ધિ પામી શકશે.”

**-ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

# શ્રી સત્ય સાઈ હિલ વ્યુ સ્ટેડિયમની વાર્તા

## બિસુ પ્રુસ્ટી

જેવા ઈજનેરો અને શિલ્પકારકામે લાગ્યા કે ભગવાન ચેન્નાઈ જવા રવાના થયા, પરંતુ આશ્રમના સચિવ પર ચેન્નાઈથી તેમનો સંદેશો આવ્યો, "જો સુબ્રમણ્યમે તેમનું ડ્રોઈંગ (કાર્ય-આયોજનની રૂપરેખા) પૂરૂ કર્યું હોય તો તે સાથે લઈને ચેન્નાઈ આવે તેવું કહો, હું જોવા ઈચ્છુ છું." તેથી શિલ્પકાર તાત્કાલિક તે જ રાત્રે બસ પકડી ચેન્નાઈ ગયા, ભગવાન એક વરિષ્ઠ (સીનીયર) ભક્તના ઘરે રોકાયા હતાં ત્યાં પ્રવેશવા માટે તેમણે પ્રયત્નો કર્યા પરંતુ નિષ્ફળ રહ્યાં. થોડી ક્ષણોમાં ભગવાન પોતાની ગાડીમાં બહાર આવ્યા જેવા તે બહાર આવ્યા કે તરત જ તેમણે સુબ્રમણ્યમને હાથ જોડીને ઉભેલા જોયા, તેની પીઠ થાબડીને કહ્યું, "તમે અંદર જાઓ અને બેસો, હું થોડીવારમાં પાછો આવુ છું". હવે અંદર તેમને શાહી સરભરાથી સત્કારવામાં આવ્યા. ભગવાને જ્યારે ડ્રોઈંગ તપાસી લીધા, ત્યારે તેમના કાર્યની પ્રશંસા કરી અને ડિઝાઈનને સુશોભિત કરવા કેટલાક સૂચન કર્યા. "માત્ર આટલું જ જો તમે કરશો, તો તે શોભી ઉઠશે-સુંદર બનશે". અને ત્યાર બાદ આગળ વધવા માટેનો આદેશ આપતા કહ્યું, "હવે તમે પુટ્ટપર્તિ જાવ અને કામ શરૂ કરો.

ભગવાનના ૬૦ મા જન્મદિન માટે પુટ્ટપર્તિમાં, ઘણી બધી પ્રવૃત્તિઓ સમાંતર ચાલી રહી હતી. જેમકે 'સત્ય સાઈ સ્પેસ થિયેટર, નવા હારબંધ ફ્લેટોનું બાંધકામ, ઓવરહેડ ટાંકીઓ, ફૂલોવાળી કમાનો, કેન્ટિનોને સુઘડ અને સ્વચ્છકરવી.

### શાંતિ વેદિકા.

દર બીજે દિવસે સ્વામી સ્થળની મુલાકાત લેતા અને વાતાવરણમાં નવી ઊર્જા ભરી કાર્યને ધમધમતુ કરતા. મંડપ તૈયાર થઈ રહ્યો હતો ત્યારે પણ ચેન્નાઈથી એક ઉત્સાહી ભક્તે પુટ્ટપર્તિ ખાતે ભગવાન કાર્તિકેય, ભગવાન ચંદ્ર (સોમ), સૂર્ય ભગવાન, ભગવાન બ્રહ્મા, ભગવાન વિષ્ણુ, માતા પાર્વતિ અને ભગવાન ગણેશની પ્રતિમાઓ મોકલેલ. આ બધું આવ્યા પછી નમ્રતાની જીવંત મૂર્તિ સમાન ભગવાને શિલ્પકારને બોલાવીને પુછ્યું, "આ પ્રતિમાઓ સારી છે? આપણે તેમને અહીં રાખીશુ?" શિલ્પકારે કહ્યું, "આપનો કોઈ પણ આદેશ શિરોધાર્ય છે". ભગવાને માર્ગદર્શન આપતા કહ્યું, "સત્ય સાઈ પ્રાથમિક શાળાની પાછળના મેદાનમાં માતા પાર્વતિની પ્રતિમા મૂકાશે, જ્યારે ભગવાન ગણેશની પ્રતિમા હાયર સેકન્ડરી સ્કૂલની સામે સ્થાપવામાં આવશે, બીજી પ્રતિમાઓ મંડપની બન્ને બાજુ કલાત્મક રીતે ગોઠવાશે. આ મનોહર દેવતાઓએ સ્થળની ભવ્યતાને એકાએક વધારી દીધી.

આ બધું ગોઠવાઈ ગયા પછી, તાઃ૧૪ મી નવેમ્બર, ૧૯૮૫ ના રોજ સવારે ભગવાને 'વ્યાસપીઠ કમ રંગમંચ' કે જેનું ભગવાને "શાંતિવેદિકા" એવું ઉચિત નામકરણ કર્યું હતું તેનું સાદાઈપૂર્વક રીબીન કાપીને ઉદઘાટન કર્યું. શાંતિવેદિકાની વાત અહીં પૂરી થતી નથી. સ્વામીના જન્મ દિવસની ઉજવણીને જ્યારે માત્ર ચાર દિવસ બાકી હતાં ત્યારે તેમની કારની અંદરથી આ મંડપને જોઈ સ્વામીએ શિલ્પકારને બોલાવ્યા અને કહ્યું, "શાંતિવેદિકાની દિવાલ સાદી લાગે છે, ત્યાં કાંઈક પેઈન્ટીંગ (ચિત્રકામ) કરો." શિલ્પકારે નમ્રભાવે કહ્યું, "સ્વામી, જો તમે મને કોઈ ચિત્ર આપો તો હું તે જોઈને ચિત્ર દોરી શકુ". તરત જ ભગવાનને પોતાની બન્ને હથેળીઓ એકબીજા સાથે ઘસી અને એક પરબિડીયુ (કવર) દેખાયુ ! તે કવરની અંદર ગીતોપદેશમ્ નું ચિત્ર હતું. ભગવાન

શ્રી કૃષ્ણ અર્જુનને ભગવદ્ ગીતાનું જ્ઞાન આપી રહેલા-તે જ્વલંત દૃશ્યનું ચિત્ર હતું. શિલ્પકારે ખૂબ આનંદાવેશમાં આ ભેટ સ્વીકારી અને સાચા દિલથી કામ શરૂ કર્યું. ચિત્રકામના બીજા દિવસે ભગવાન ત્યાં આવ્યા અને ચિત્રકામથી પ્રસન્ન થયા. તેમણે આશ્રમના અધિકારીને કહ્યું,"જુઓ, કેવું સુંદર કામ કર્યું છે." શિલ્પકારે સ્વામીના પગે પડીને કહ્યું, "સ્વામી, મેં તે નથી કર્યું તમે એકલાએ જ કર્યું છે." સ્વામીએ તેને ખૂબ આશીર્વાદ આપ્યા અને પછીના દિવસોમાં જ્યારે સ્વામી સ્ટેડિયમની મુલાકાત લેતા, તેમની સાથે એક મહેમાન રહેતાજ તેને સ્વામી આ પેઇન્ટિંગ ખાસ બતાવતા. આ મીઠી ક્ષણોને યાદ કરતાં, શિલ્પી સુબ્રમણ્યમ, આંખોમાં આંસુઓ સાથે કહે છે, "મને ખબર નથી કે મેં મારા અગાઉના જન્મમાં એવું શું પુણ્ય કર્યું હશે કે મને આવી તક મળી".

વર્લ્ડ કોન્ફરન્સની કાર્યવાહી અને જન્મ દિનની ઉજવણી જે ૧૭ થી ૨૪ નવેમ્બર ૧૯૮૫ માં ૮ દિવસ ચાલેલી તે વખતે હકીકતમાં શાંતિ વેદિકામાં મહાભારતના તે અનંતકાલિન દૃશ્યે પૂર્ણ પશ્ચાદભૂમિકાની સેવા પૂરી પાડેલી. આ પવિત્ર વ્યાસપિઠ પરથી જ ભગવાને ૬૦ મા જન્મ દિવસનું બોધાત્મક પ્રવચન આપ્યું.

જ્યારે શાંતિ વેદિકા પૂર્ણ થઈ ત્યારે હિલ વ્યુ સ્ટેડિયમ પુરૂં થયું નહોતું. એક રીતે જોઈએ તો સ્ટેડિયમની વાર્તા હવે શરૂ થઈ હતી. ૬૦ મા જન્મ દિનની આકર્ષક અને પ્રભાવક ઉજવણીઓ પછી શિલ્પકારને ટૂંકાગાળાની માંદગી આવેલી જેનો ઈલાજ ભગવાને વિભૂતિ દ્વારા કર્યો. તેમની તંદુરસ્તી અને સ્વાસ્થ્યના રક્ષણ માટે ભગવાને એક બ્રેસલેટ ઉત્પન્ન કરી તેમના કાંડે બાંધ્યું. અને પછી ખાતરી આપી કે, “હું તમારા સ્વાસ્થ્યને કંઈ પણ અસર થવા દઈશ નહીં. હિંમતવાન બનો” ! ભગવાને તરત જ તેમના માટે એક વિંટીનુ સર્જન કર્યું અને શિલ્પીને ફરી પાછા શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ કરી દીધા.

આ પછીના એક મહિના સુધી, દરરોજ ભગવાન તેમને પૂછતા, "તમે કેમ છો"? એક દિવસ શિલ્પકારે કહ્યું, "સ્વામી મારી પાસે કોઈ કામ જ નથી." ભગવાન જવાબ આપ્યો, "કોણ કહે છે કામ નથી? હિલ વ્યૂ સ્ટેડિયમ પર જાઓ અને ત્યાં રાહ જુઓ. હું આવીશ".

તરત જ, શિલ્પી સુબ્રમણ્યમ્ ત્યાં પહોંચ્યા. સવારના ભજન પછી ભગવાન હિલ વ્યુ સ્ટેડિયમ ગયા. કારમાંથી ઉતરતાજ તેમણે ટેકરી તરફ ઇશારો કર્યો અને શિલ્પી સુબ્રમણ્યમને કહ્યું, “હું તમને આ આખી ટેકરી આપી રહ્યો છું. તમે જે ઇચ્છો તે ત્યાં કરી શકો છો. પ્રથમ, ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમા બનાવો ”. ભગવાને તે પછી બાંધકામ માટેનું સ્થળ સૂચવ્યું. જો કે તે સ્થળે પહોંચવાનો કોઈ યોગ્ય રસ્તો નહોતો. ભગવાન મંદિરમાં પાછા ફર્યા, ત્યારે તેમણે આશ્રમના સચિવને કહ્યું, “મેં સુબ્રમણ્યમને કૃષ્ણ પ્રતિમા બનાવવા કહ્યું છે. તમે તેના માટે ત્યાં પહોંચવા માટેનો યોગ્ય રસ્તો તૈયાર કરી આપો.”

તે જ સાંજે, પ્રતિમા સ્થાપનની જગ્યા નક્કી કરી ત્યાં એક વૃક્ષ વાવવામાં આવ્યું હતું, અને શિલ્પકારે ભગવાનને આવીને તે સ્થાનની પુષ્ટિ કરવા વિનંતી કરી. બીજે દિવસે સવારે, તેઓ સવારે દસ વાગ્યાની આસપાસ આવ્યા, અને તેમણે તે સ્થળની મંજૂરી આપી એટલું જ નહીં, પણ સાથો સાથ શિલ્પકારને કામ શરૂ કરવા માટે આશીર્વાદ પણ આપ્યા. એક દિવસમાં, કાચો રસ્તો બનાવવામાં આવ્યો હતો જેથી ભગવાનની જીપ ગમે ત્યારે તે સ્થળે પહોંચી શકે. ભગવાને બીજા જ દિવસે આ માર્ગનો ઉપયોગ કર્યો અને જ્યારે તેઓ ત્યાં આવ્યા ત્યારે શિલ્પીએ વધુ સ્પષ્ટતાની માંગણી કરી, “પ્રતિમાની ઊંચાઈ કેટલી હોવી જોઈએ સ્વામી? ” "તમારાથી થઈ શકે તેટલી મોટી બનાવો" સ્વામીએ કહ્યું. “૨૦ ફૂટની સ્વામી?”

શિલ્પકારે પૂછ્યું. “હા, તે પ્રમાણે કરો!” દૈવી આજ્ઞા થઈ. તે જ સાંજે, શિલ્પી સુબ્રમણ્યમે કાગળ પર એક સ્કેચ તૈયાર કર્યું અને ભગવાનને બતાવ્યું, જે ભગવાનને ગમ્યું અને કહ્યું, "તમે આગળ વધો". તે પછી, ભગવાન ઘણીવાર પહાડીની નીચેથી પ્રતિમાની પ્રગતિ જોતા હતા, પરંતુ આકાર પૂર્ણ થયો નહીં ત્યાં સુધી ક્યારેય ટોચ પર ન આવ્યા. એકવાર પ્રતિમા લગભગ પૂરી તૈયાર થઈ ગઈ હતી, ત્યારે સ્વામી ત્યાં આવ્યા અને શિલ્પકારને અભિનંદન આપ્યા અને ભગવાને કહ્યું, “ખૂબ સરસ છે. ચાલુ રાખો”. ત્યારબાદ, ભગવાને મહેમાનોને તેમની સાથે લાવવાનું શરૂ કર્યું અને તેમને તેઓ ગર્વથી આ સુંદર આસમાની (વાદળી) કળાનો અદભૂત નમૂનો બતાવતા, જેની પાયામાંથી ૨૩ ફૂટની ઊંચાઈ હતી.

એકવાર આ પૂર્ણ થઈ ગયા પછી, શિલ્પકારે પૂછ્યું, “સ્વામી, હવે મારે શું કરવું જોઈએ?” સ્વામી મસ્તીસભર હસ્યા અને બોલ્યા, “મેં તમને કહ્યું હતું ને કે મેં તમને આખી ટેકરી આપી છે. તમે જે ઇચ્છો તે કરો”! ત્યારે શિલ્પકારે કહ્યું કે શું તે શિવની મૂર્તિ બનાવી શકે?, ત્યારે ભગવાન તરત જ સંમત થઈ ગયા. શિલ્પકારે પૂછ્યું "હું ભગવાન શિવની ઊભી પ્રતિમા બનાવી શકું?" “ના, તે બેઠેલા હોવા જોઈએ,” દિવ્ય સૂચના મળી. માત્ર આટલું જ નહીં પણ ભગવાને ખરેખર પોતાની જાતે ભગવાન શિવની વાસ્તવિક રીતે બેસવાની સ્થિતિને અભિનય દ્વારા ક્રિયાન્વિત કરીને દર્શાવી, જેમાં તેઓ પોતાના ખોળામાં બન્ને હથેળીઓ જોડી, ભગવાન શિવ ધ્યાન ધરી રહ્યાં હોય. તેમણે આગળ વધુ માર્ગદર્શન આપતા કહ્યું, “ચાર હાથની પ્રતિમા કરવાની જરૂર નથી. માત્ર બે જ હાથ રાખવાના”. “કૃષ્ણની પ્રતિમા ૨૩ ફૂટ ઊંચી છે. સ્વામી, શું મારે શિવની આ પ્રતિમા ૨૫ ફૂટ બનાવવી જોઈએ?” શિલ્પકાર વધારે ચોખવટ ઈચ્છતા હતાં. "હા, આગળ વધો!" દૈવી પરવાનગી મળી ગઈ. આ પ્રતિમા જ્યારે આકાર લઈ રહી હતી, ભગવાન ખરેખર એટલા બધા ખુશ હતા કે એક દિવસ પોતાની સાથે એક પાશ્ચાત્ય (પરદેશી) પુરૂષને તેમની સાથે લઈને આવ્યા અને પ્રતિમા બતાવી તેમને કહ્યું, "આ શિવ છે" અને ત્યાર બાદ તેમણે મધુર સ્મિત કર્યું અને ઉમેર્યું “તમે જાણો છો કે તે કોણ બનાવે છે? તે મારો દીકરો છે, સુબ્રમણ્યમ”! (ભારતીય પરંપરા મુજબ સુબ્રમણ્યમ ભગવાન શિવના પુત્ર છે). ફરી એકવાર સુબ્રમણ્યમ્ (શિલ્પી) ભગવાનની અસિમ કૃપા થયેલી જોઈને અવાક (વાચા વિહીન) થઈ ગયા.

આ બંને પ્રતિમાઓ પૂર્ણ થયા પછી ભગવાને પોતે શિલ્પીને ભગવાન જરથુસ્ત (ઝોરોસ્ટર) ની એકવીસ ફૂટની, ભગવાન જીસસ (ક્રાઈસ્ટ)ની ૨૭ ફૂટની પ્રતિમા, કેટલીક વિશિષ્ટ સૂચનાઓ તેમના આકાર અને લાક્ષણિકતાઓ સાથે બનાવવાનું કહ્યું.

દેવોના વિશાળ સ્વરૂપોથી ટકેરીનો બાહ્ય ઘેરાવો ભરાઈ ગયો હતો, તો પણ ૧૯૮૭ માં એક વખત સ્વામીએ શિલ્પી સુબ્રમણ્યમને કહ્યું "હું ટેકરી પર હનુમાનની પ્રતિમા હોય તેવું ઈચ્છુ છું, તમે તે કરો. તે તમારા મિત્ર છે". જ્યારે શિલ્પકારે પૂછ્યું કે તેણે ક્યારે કામ શરૂ કરવું જોઈએ, ભગવાનએ નિર્દેશ આપ્યો કે, “ કાલે ભૂમિપૂજન કરો” . ભગવાનની સૂચના પ્રમાણે બીજા જ દિવસે શિલ્પકારે ભૂમિ પૂજન કાર્યક્રમ યોજ્યો; ભગવાન પ્રસંગ માટે આવ્યા ન હતા. જ્યારે શિલ્પીએ તેમને ફરીથી સ્થળ પર આવવા અને આશીર્વાદ આપવા વિનંતી કરી ત્યારે ભગવાને કહ્યું, “હું આવીશ, રાહ જુઓ”.

તે પ્રતીક્ષા ત્રણ વર્ષે-ફેબ્રુઆરી ૧૯૯૦ માં સાકાર થઈ, અચાનક જ ભગવાનને શિલ્પી સુબ્રમણ્યમને બોલાવ્યો અને કહ્યું, “તમને યાદ છે, તે દિવસે, જ્યારે મેં તમને હનુમાનની પ્રતિમાનું કામ કરવાનું કહ્યું હતું? હવે તમે જાઓ અને કામ શરૂ કરો. તે ૬૫ ફૂટની ઊંચી હોવી જોઈએ.

આ પવિત્ર ટેકરી પર શાસન કરતા પ્રભાવશાળી હનુમાન જોરદાર રીતે ઉભા છે અને દરેકને એકલક્ષી ઉચ્ચ ભક્તિની યશપતાકાની યાદ અપાવે છે જે પોતે જ એક યુગ-ગાથા છે. આ વિશાળ મૂર્તિના ચોક્કસ આકાર અને પરિમાણો (ડાયમેન્શન) ઇજનેરોને બતાવવા ભગવાને ચાંદીના હનુમાનની નાની પ્રતિમાનુ સર્જન કર્યું. આ હકીકતમાં ૧૯૯૦માં ભગવાનના ૬૫ માં જન્મદિવસની ઉજવણીની એક મુખ્ય વાત હતી.

પરંતુ સ્વામી પાસે હિલ વ્યૂ સ્ટેડિયમ માટેની ઘણી યોજનાઓ હતી. ૧૯૯૩માં, તેમણે શિલ્પી સુબ્રમણ્યમને ભગવાન બુદ્ધની પ્રતિમા બનાવવા કહ્યું. બુદ્ધ માટે એક ગુફા પણ બનાવવાની હતી અને તેમણે કહ્યું, "તે ગયાના મંડપમમાં છે તેવી દેખાવી જોઈએ (તે સ્થાન જ્યાં બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયેલુ)." શિલ્પકારે જાપાનથી ભક્તો દ્વારા મોકલવામાં આવેલા ફોટોગ્રાફના આધારે આ પ્રતિમા બનાવવાની શરૂઆત કરી હતી. જ્યારે પ્રતિમા લગભગ પૂર્ણ થવા આવી ત્યારે ભગવાન આવ્યા પણ તેઓ નિરાશ થયા. મોટે ભાગે નારાજ થઈને તેમણે શિલ્પીને કહ્યું, "કોઈ પણ ડાબા હાથથી આશીર્વાદ આપશે? તેઓ ફક્ત તેમના જમણા હાથથી આશીર્વાદ આપે." શિલ્પકારે તરત જ ભગવાનની ક્ષમા માંગી અને રાતોરાત તેણે પ્રતિમામાં ફેરફાર કર્યો. હવે તે જમણા હાથથી આશીર્વાદ આપતી ભગવાન બુદ્ધની ૨૭ ફૂટ ઊંચી પ્રતિમા દેખાતી હતી. બીજા દિવસે સવારે જ્યારે ભગવાન રૂપાંતરિત થયેલી પ્રતિમા જોઈ, તેમણે શિલ્પીનું સમયસર કાર્ય અને સમર્પણ જોઈ ખૂબ ખુશ થયા. આ સાથે પસંદગી પામેલી ટેકરી કેટલાક ધર્મોની આસ્થા સાથે જોડાયેલી દિવ્યતાઓથી ઉચ્ચ કક્ષાનો દેખાવ (પેનોરમા) ધારણ કરતી હતી. 'દૈવી તત્વોની એકતા' નો ભગવાન જે આગ્રહ સેવે છે, તેનું આના કરતા વધુ મહિમાવંત ઉદાહરણ હોઈ શકે જ નહી.

## શ્રી સત્ય સાઈ યુનિટી કપ ક્રિકેટ મેચ.

૧૯૯૫ માં ભગવાનના ૭૦ મા જન્મ દિનની ઉજવણી પ્રસંગે, અસંખ્ય લોકોથી ઉભરાતું મેદાન દૂરથી પણ તેજસ્વી નારંગી જેવો ચિતાર આપતું, તે દૃશ્ય પોતાના ખજાના રૂપે સંગ્રહવા ઝંખના કરતા, કોઈ પણ માણસને લાગતું કે સાઈના બધા ભવ્ય પ્રસંગો માટે આ સ્ટેડિયમ પૂર્ણ રીતે યોગ્ય છે. પરંતુ ૧૯૯૭ માં ભગવાને આ જ સ્ટેડિયમમાં આંતર રાષ્ટ્રિય ક્રિકેટ મેચ યોજવાનું નક્કી કરીને, ભક્તોના માનસમાં 'સાઈ ઇવેન્ટ' ની નવી વ્યાખ્યા આપી ! ભગવાનના આ નિર્ણયથી, હવે ભારત અથવા વિશ્વની કોઈ પણ સુવિધાની તુલનાએ, વિશ્વનું આ-ઉચ્ચ કક્ષાનું સ્ટેડિયમ બન્યું.

લાર્સન અને ટુબ્રો કંપનીની બાંધકામ શાખાને આ કામ સોંપવામાં આવ્યું હતું અને ૮ મહિનામાં, જમીનનું સંપૂર્ણ રૂપાંતર થઈ ગયું. તે વધુ ઊંચુ કે વધુ નીચું મેદાન રહ્યું ન હતું. નીચલી જમીનને ઉપરના મેદાનની સપાટી પર લાવવામાં આવી, બેંગ્લોરુથી ટન બંધ લાલ માટી લાવવામાં આવી. સમગ્ર મેદાનમાં ત્રણ ઇંચનો જાડો થર પાથરી દેવામાં આવ્યો. ઉત્તર-દક્ષિણમાં સમાંતર સમાંતર ચાર પીચ બનાવવામાં આવી. અને વરિષ્ઠ ભક્તોએ ભગવાનને તેમના પવિત્ર ચરણ કમળોના સ્પર્શથી પીચને પવિત્ર કરવા વિનંતી કરી અને ભગવાને પવિત્ર ચરણોના સ્પર્શથી ક્રિકેટ પીચને પવિત્ર કરી.

આ રીતે શ્રી સત્ય સાઈ યુનિટી કપ માટે આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ ૧૮ મી નવેમ્બર ૧૯૯૭માં તૈયાર થઈ ગયું હતું. તે અંડાકાર હતું અને ઉત્તર દક્ષિણ ૮૦ મીટર અને પૂર્વ-પશ્ચિમ ૭૫ મીટર સુધીનું હતું. તેની સાથે સાથે ભગવાને પૂર્વીય બાજુએ ટેન ટાયર (૧૦-૧૦ બેઠકો વાળા પાટીયા ઉપર નીચે ગોઠવાયેલ હોય તેવી) ગેલેરી બંધાવી હતી (પ્રેક્ષકોને જવા-આવવા તેમજ બેસવા માટેની જગ્યા) મોટાભાગના આંતરરાષ્ટ્રીય પેવેલિયન

કરતાં અહીંના પેવેલિયનનો વિસ્તાર મોટો હતો જે ચાર હજાર ચોરસ ફીટને આવરી લેતુ મોટુ પેવેલિયન બનાવવામાં આવ્યું હતું. ઈન્ડિયા ઇલેવન અને વર્લ્ડ ઇલેવન વચ્ચેની ઐતિહાસિક મેચ ૩૦ ડિસેમ્બર ૧૯૯૭ ના રોજ રમાઈ હતી જેનું ઉદઘાટન તે વખતના વડાપ્રધાન શ્રી આઈ. કે. ગુજરાલ દ્વારા શ્રી સત્ય સાઈ યુનિટી ધ્વજ ફરકાવીને કરવામાં આવ્યું હતું. આ ધ્વજમાં ૧૨૪ દેશોના ખૂબ નાના નાના ધ્વજોથી ઘેરાયેલ સર્વ ધર્મનું પ્રતિક હતું. વર્લ્ડ ઇલેવનમાં શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ઇંગ્લેન્ડના શ્રેષ્ઠ ખેલાડીઓનો સમાવેશ થતો હતો. અતિશય મહત્વની વાત જો અહીં કંઈ પણ હોય તો ભગવાને ૧૯૮૦-૧૯૯૦ ની મધ્યમાં વિદ્યાર્થીઓને કહેલું તે છે. ૧૯૮૫ ની જાન્યુઆરીની એક સાંજે વિદ્યાર્થીઓ દ્વારા ક્રિકેટ મેચ જોવાઈ ગયા પછી તેમણે વાતચીત શરૂ કરી કે ક્રિકેટમાંથી પણ જીવનપ્રબળ આધ્યાત્મિક પાઠ શીખી શકાય થોડીવાર અટક્યા પછી છોકરાઓ સાથે અનુકંપાથી જોતા તેમણે કહ્યું તમે બધા આ સ્ટેડિયમમાં રમવા માટે નસીબદાર છો જેનું નામ તમે જ પાડ્યું છે, પરંતુ યાદ રાખો એક દિવસ આખી દુનિયાના મહાન ક્રિકેટ ખેલાડીઓ અહીં રમશે અને સ્વામી નિહાળશે તમે જોશો કે મોટા ખેલાડીઓ પ્રશાંતિ નિયમ આવશે.

તે આર્ષ (ભાખેલું ભાવિ) દિવસ ૧૯૯૭ ના વર્ષમાં આવી પહોંચ્યો અને ભારતના વિખ્યાત ક્રિકેટર્સ દ્વારા ૨૦ કિલો ગ્રામ શુદ્ધ સોનાનો શ્રી સત્ય સાઈ યુનિટી કપ દિવ્ય હસ્તો થી ઊંચકાયો.

જેવો ૯૦ નો દસકો પૂરો થયો, ત્યારે કોઈ પણ વ્યક્તિ, ભગવાને કઈ રીતે રમત અને આધ્યાત્મનું અદભૂત સંયોજન (જોડાણ) કરી ચમત્કાર કર્યો તે પ્રભાવિત બની જોઈ શકે છે. બંને (રમત-ગમત અને આધ્યાત્મિક) માટે નૂતન પરિણામ આપતા દરેકને જે કહેવા માગે છે તેની એક ઝલક છે જીવન એક રમત છે, તે રમી જાણો.

વીસમી સદીના અંતિમ ભાગે, જે શ્રી સત્ય સાઈ અવતારની રહસ્યમય કીર્તિ કે વધારે વિસ્તૃતિ પામતી, પ્રસરતી હુંફ અને ઉષ્મા મેળવવા માટે કૃપાન્વિત થયેલા સાઈ મિશનના વરિષ્ઠ ભક્તોએ તેમના ૭૫ માં જન્મદિવસ પર સમર્પિત ભાવ સાથે, તેમના પ્રત્યે સહાનુભૂતિ સભર ભવ્ય સ્મારક બંધાય અને તે ભવ્ય સ્મારક સત્યસાઈ યુગનો દસ્તાવેજ બની જાય તે માટે ભગવાનને પ્રાર્થના કરી. આમ, ૧૮ નવેમ્બર ૨૦૦૦ ના રોજ, ભગવાને માનવતાને 'ચૈતન્ય જ્યોતિ' ની ભેટ આપી, જે પર્વતની ઉત્તર-પશ્ચિમ ખૂણા પરનું ભવ્ય સંગ્રહાલય છે, જેના સ્થાપત્યમાં ઘણી સંસ્કૃતિઓનો સમન્વય થયેલ છે.

તે ખરેખર આશ્ચર્યજનક છે કે આ ભવ્ય ઇમારતના પ્રાકટ્ય સુધી તો હિલ વ્યુ સ્ટેડિયમ ખાતે તે તે યુગોની દિવ્ય વિભૂતિઓની આકૃતિઓ જ હતી પણ જ્યારે કળિયુગની વાત આવી ત્યાં સુધી આ (ચૈતન્ય જ્યોતિ) માત્ર માલિક (ઈશ્વર)ની છબી જ નહોતી પરંતુ તારાની માફક ચમકતા તેમના સંદેશ અને તેમના જીવનકાર્યનું સ્મારક હતું. એમાં કોઈ નવાઈ નથી કે જ્યારે ભગવાન કહે છે "મારૂ જીવન એજ મારો સંદેશો છે".

હિલ વ્યૂ સ્ટેડિયમ હવે એક તરફ મૂર્તિઓથી ભરેલું દેખાઈ રહ્યું છે, જ્યારે ટોચ પર હનુમાનજીની પ્રતિમા, ત્રણ બાજુ વિશાળ ગેલેરીઓ અને દક્ષિણમાં શાંતિ વેદિકાનો પ્રભાવશાળી મંચ છે, તેમ છતાં કેટલાક વરિષ્ઠ ભક્તોને લાગ્યું કે, સ્ટેડિયમમાં દેવી-દેવતાઓનો ભવ્ય ચિતાર કે દેખાવ ભગવાનના પૂર્વ અવતારની હાજરી વિના પૂર્ણ કેવી રીતે કહેવાય?

આ રીતે તેમની પ્રાર્થનાઓ ફળીભૂત થઇ ૧૫મી ઓક્ટોબર ૨૦૦૨ ના સુપ્રભાતે ભગવાને શિરડી સાઈની પ્રતિમાનું અનાવરણ કર્યું, જે ભગવાન શિવની પ્રતિમાની બાજુમાં છે.

આ આપૂર્તિ કરતાં જ હિલ વ્યૂ સ્ટેડિયમ ખરેખર પૂર્ણ થયું. તે આ અર્ધગોળાકાર છાપરા

વગરનું, બીજી બાજુ પૂરતી વ્યવસ્થાઓ વાળુ ખુલ્લુ એમ્ફી થિયેટર છે. જે ૩૫ કરતાં વધુ વર્ષોથી તેમના જન્મદિવસની ઉજવણી માટે તેમજ તેમના વિદ્યાર્થીઓની ક્ષમતા, કૂશળતા અને ચારિત્ર્યની, દર વર્ષે ૧૧ મી જાન્યુઆરીના રોજ વાર્ષિક રમતોત્સવ અને સાંસ્કૃતિક સંમેલન થકી રજૂઆત થાય છે. આ સ્ટેડિયમ, ખરેખર સાઈ ઉજવણી/પ્રસંગો માટે યશ અને ભવ્યતાનું સમાનાર્થી બનેલ છે. એક વખત તમે આ પવિત્ર સ્થળમાં પ્રવેશ કરો કે તરત જ તમે વિસ્મય અને નમ્રતાથી ભરાઈ જશો. જેમ જેમ તમે દ્રષ્ટિ ઊંચી કરશો અને દેવોની પ્રતિમાને નિહાળશો તેમ તેમ તમારૂ હૃદય આદર અને આજ્ઞાપાલનની ભાવનાથી નમી પડશે અને તમે પ્રાર્થના કરવા લાગશો કે, હે ઈશ્વર મને પણ તમારા વહાલા હનુમાનની જેમ સેવા અને બલિદાનની ઉચ્ચકક્ષાને આંબવા દો- જેમને તમોએ આ ટેકરીના શિખરે સ્થાપી ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ છે આ પવિત્ર સ્થળની રૂપાંતરિત કરી આપતી શક્તિ. પુટ્ટપર્તિના આ પવિત્ર ગ્રામની ગગન-ગામિતા સ્વામીના પ્રેમ-સંદેશથી લહેરાતો એક દસ્તાવેજ છે.

ભક્તિ શું છે? ભક્તો કોણ છે? શ્રદ્ધા, દ્રઢતા, સદગુણો, નિર્ભયતા, શરણાગતિ અને અભિમાન શૂન્યતા- આ ભક્તિના લક્ષણો છે. મોટા પાયે અને હેતુપૂર્વક, ગમે તેટલી પૂજાઓ કરી હોય, તે તો માત્ર સમય અને શક્તિનો વ્યય છે. ફુલોને શા માટે ચૂંટવા અને તેમનું મૃત્યુ નિપજાવવું? તમારામાંથી કેટલાયે નિલયમની ગોળાકાર ફરે છે અને સંતોષ માને છે કે તેમણે આટલી બધી પ્રદક્ષિણાઓ કરી, પરંતુ તે ત્યારે જ તેવું કહેવાય, જ્યારે તમારૂ મન પણ તમારા પગની સાથે સાથે ફરી રહ્યુ હોય. પણ હું જોંઊ છું કે, લેવાયેલી ટેકના આધારે, પગ તો પ્રદક્ષિણા માર્ગે આગળ ધપતા હોય છે, જ્યારે તમારી રસના (જીભ) બીજાનાં દોષો વિશે બબડતી હોય છે અથવા મન, શાકભાજીની કિંમતો કે પછી આજે જમવામાં શું શું બનાવવાનું આયોજન છે તે વિશે જ વિચારતું હોય છે.

તમે ગોળ ગોળ ફરવાનું શરૂ કરો જેને તમે પ્રદક્ષિણા કહો છો, તે શરૂ કરતા પહેલા તમારૂ મન, તે મંદિરના નિવાસી દેવતાને દક્ષિણા તરીકે અર્પણ કરી દો. આ બાબત સૌથી પહેલાં કરવી જોઇએ અને અલબત્ત આ એક જ બાબત કરવાની જરૂર છે.

**-ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

## વડોદરા સમિતિ – અહેવાલ

શ્રી સત્ય સાઈ સેવા સમિતિ, વડોદરા સંચાલિત આમલીપુરા ગામે આવેલ શ્રી સત્ય સાઈ ગ્રામ્ય આરોગ્ય કેન્દ્ર, કોરોના કાળમાં પણ કાર્યરત રહ્યું હતું. જે અંતર્ગત, જાન્યુઆરીથી જુન ૨૦૨૧ દરમ્યાન, દર રવિવારે ચાલતા આ આરોગ્ય કેન્દ્રમાં ૩૪૭૪ દર્દીઓએ વિનામૂલ્ય દવા/સેવાનો લાભ લીધો હતો. અત્રે આવનાર દર્દીઓ અને તેમની સાથે આવનાર માટે નારાયણ સેવા પણ કરવામાં આવી-જેનો લાભ ૩૮૧૭ વ્યક્તિઓએ લીધો. રાષ્ટ્રિય નારાયણ સેવાના જૂન માસના લાભાર્થી-૬૨ અને નારાયણ સેવા ફૂડ પેકેટસ્ ના લાભાર્થી (જૂન ૨૦૨૧) ૫૫૦ રહ્યાં.

સર્વ સેવા સાઈની કૃપાથી જ થઈ-જે સાઈને ચરણે જ અર્પણ છે.


LOVE ALL - SERVE ALL

Publication Date : 20/07/2021

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

**સનાતન સારથિ**

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Place of Posting - Vadodara (H.O.)



# ધ્યાનમાં તમારૂ મન સ્થિર કરો

તમારા જીવનરૂપી વૃક્ષ ઉપર, તમે સદગુણો રૂપી ફળો ઉગાડો છો, તેનું રક્ષણ કરો છો અને તેને ચૂંટી કાઢીને ઇશ્વરને જે અર્પણ કરો છો, તેમાં કંઇક વિશેષતાઓ રહેલી છે. સારા ગુણોનું સંવર્ધન કરવા માટે, તમારે કેટલીક કસોટીઓ-મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. અને આમ આ સદગુણો થકી જ તમારૂ મન દિવ્ય એકાગ્રતા કેળવી શકે છે. સારા ગુણો અને સારા વિચારો વિના, તમે તમારા મનને ધ્યાનમાં કેવી રીતે પરોવી શકશો?

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**

સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૪૬ ૪૯૯૫૩

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.